
# મ્હાબ્લેશ્વર.



૩૮૮૦

રચનાર—શાપુરજી બેહરામજી કાતરક.

[illegible]મે જમશેદ સ્ટીમ પ્રેસ.


MAHÁBALESHVAR
Scale, 2 Inches = 3 Miles
Feet 8 4 0 1 2 Miles
SAVITRI R.
KRISHNA R.
Mahabaleshvar Temple
Elphinstone P.
From Mahad
Pratapgad
Lodwick or Sidney Point
Frere Hall
Church
Monument
LAKE
Lingmalla
To Panchgani
MALCOLM PETH
Highest Point
Falkland P.
Bombay Point
Babington P.
To Satara
Photozincographed
Govt. Office Poona, 1869

# માહાબલેશવર.

રચનાર,

શાપુરજી બેહેરામજી કાતરક.

મુંબઈ:
જામે જમશેદ સ્ટીમ પ્રેસ.
બેંક સ્ટ્રીટ.

૧૮૮૯.

જામે જમશેદ સ્ટીમ પ્રેસ. ઍંક સ્રોટ

Above me are the Alps.
The palaces of Nature, whose vast walls
I have pinnacled in clouds their snowy scalps
And throned eternity in icy halls
Of cold sublimity where forms and falls
The avalanche—the thunderbolt of snow
All that expands the spirit, yet appals,
Gather round these summits, as to show
How earth may pierce to heaven, yet leave
vain man below.

BYRON.

મારા મેહેરબાન મુરબીજી,

**મનચેરજી હોરાબજી વકીલ**

જેઓએ મારી બચગીથી મારા ઉપર મેહરબાનીની

નજર રાખી મને ઉધાર્યો, કેળવ્યો

અને આજ સુધી પોતાની

જગા રાખીછે તેઓને

આ નાહાનું પુસ્તક

'અંતઃકરણથી અર્પણ કરવાની રજા લઉ છું.

**શાપુરજી મેહેરામજી કાતરક.**

# દિબાચો.

હું કાંઈ ગ્રંથ પ્રસિદ્ધ કરવાનો દાવો કરતો નથી. માહાબલેશવરની રમણિય ટેકડી પર મને બહુ ભાવ છે અને તે લીધે મેં એ જગાના ઈતિહાસ, વીચીત્ર દેખાવ, આબો હવા, માર્ગો વગેરે ઉપર બહુ ધ્યાન આપી કેટલીક વિગતો ભેગી કરી હતી તે એમની એમ મારા મીત્રોને કામ લાગે એવી ઈચ્છાથી મેં છપાવી બાહર પાડીછે. મુંબાઈથી ૨૦૦ માઇલના ઘેરાવામાં આ ટેકડી જેવી સુંદર બીજી એકે નથી એવું મારૂં આધીન મત છે અને જેટલી હમણા તે પારસી ભાઈઓના વપરાસમાં આવેછે તેથી પણ વધારે આવે, એવી મારા દીલની ખાહેશ છે તેના નાહાના જેવા ટેકામાં આ અદના પુસ્તક પ્રગટ કર્યુંછે.

શા૦ એ૦ કા૦

મુંબાઈ, તા૦ ૨૫ મી જુન ૧૮૮૯.

# સાકળિયું.

પાનું.

પાનું

# માહાબલેશવર.

## ટેકડીની તવારીખ.

માહાબલેશવરની ટેકડી "વેસટરન ઘાટ"ની ટેકુડીઓમાંની એક ટોંચ છે જે દરીઆની સપાટીથી ૪૫૦૦ ફીટ ઉંચી આવેલી છે. હદઆંથી પાણીના ઝરા નીચે ખીનમાં સુમારે ૨૦૦૦) ફીટ પડે છે હેવી ગણત્રી કરવામાં આવેલી છે.

એવું કેહેવામાં આવ્યું છે જે માહાબલેશવર "સેનીતેરીઅમ" શોધી કાહાડવાનું માન પેહેલ વહેલું "જનરલ લાડવીક" નામના સરદારને ઘટે છે. સને ૧૮૨૪ના સાલમાં એ શુરો સરદાર પોતાની પલટણ સાથે સતારામાં હતો તે વખતે એ સીતળ ટેકડી ઉપર ચહડી તેણે તે તપાસી જોવાની કોશેશ કીધી હતી, તથા "સીડની પાઈંટ" ઉપર પોતાનો પગ પેહેલ વેહેલો મુકીઓ હતો; જેની યાદમાં પાછળથી એ "પાંઈટ"નું નામ "લાડવીક પાઈંટ" કરી આપવામાં આવ્યું હતું. એ શુરો સરદાર પોતાના હાથમાં ફકત એક લાકડી લેઈ ગીચ જંગલમાં તથા વાઘો અને જંગલી ફાડી ખાનારા જનાવરોન

વનમાંથી પસાર થયો હતો, અને વરતમાંન પતરોમાં પાછ-ળથી એ આબોહવાવાલી જગયાની ખુબી લોકોની જાણમાં લાવ્યો હતો, તથા પોતાનાં જીવપર કશટી ભોગવી આવી મનોરંજક ટેકડી શોધી કાહાડી મુંબઈ ઈલાકાનાં લોકો ઉપર જાવેદાંન સુધીનું હેશાન કીધું હતું હેમાં જરાબી શક નથી. સને ૧૮૨૬નાં સાલમાં "જેનરલ બરીગસ" નામનો સરદાર જે સતારામાં તે વખતે રેસીડેંટના હોધા ઉપર હતો તેણે આ ટેકડી ઉપર એક નાહલું "કાટેજ" બાંધીયું અને સતા-રાનાં રાજાને એક પાકકો રસતો સતારાથી માહાબલેશવર સુધી બાંધવાને ઉશકેરયો. સને ૧૮૨૭ થી ૧૮૩૦ નાં સાલ-માં "સર જાન માલકંમ" જે મુંબઈનો ગવરનર હતો તેણે આ બાબદ ઉંચકી લેઇ માહાબલેશવર વસાવવાનું માંથે લીધું, અને પાછળથી તે વસાવીયું. જેથી એ જગયા "માલકમ પેંઠ"ને નામેથી ઓળખાએ છે. શીરૂઆતમાં યુરોપયન સીપાહો સારૂ એક ઇસપીટાલ બાંધવામાં આવી, અને ૧૮૨૮ના સાલની ગરમીની મોસમમાં સર જાન માલકંમ પોતે ત્યાં જઇ રેહેવાથી બીજા ઘણાં સાહેબોને એ સીતળ ટેકડીની મજાહ ચાખવાને ઉત્તેજન મલ્યું. એ સાલમાં પેહેલવેહેલો બં-ગલો કરનલ રાબરટસન નામના સરદારે બાંધ્યો. "ડાકટર વીલીઅમસન" નામના એક અમલદારને પાછળથી "સર જાન માલકમે" એ માહાબલેશવર સેનીતેરીઅમ વીશે પોતાનો અભી-પરાય જાણ કરવાને ફરમાવ્યું. ત્યારબાદ બંગલાઓ બાંધવા સારૂ જગાઓ ભાડે આપવામાં આવી, અને ગવરનર સાહેબે પોતાના મકાન સારૂ એક જગા પસંદ કીધી, જે જગાને પાછળથી "લેડી

માલકંમ "નું નામ આપવામાં આવ્યું. એટલુંજ નહીં પણ સતારાના તે વખતના રાજાએ એક ઢંઢેરો બાહાર પાડી એ નવાં સેનીટેરીઅમમાં જઈ વસનારા લોકોને દરેક રીતની મદદ આપવાને કબુલાત આપી તથા એક કુસાદે રસ્તો માહાબલેશવરથી અંગ્રેજ સરકારની હદ તરફ "રડતોંદીઆ" નામના પાહાડ પરથી લેઈ જઈ કોકનમાં જોડી નાખવાને કબુલ્યું. અંગ્રેજ સરકારે તે રસ્તાને લેઇ જઇ માહાડ તથા દાશગામનાં બંદરને મેળવી નાખવાને માથે લીધું. એ રસ્તાનું કામ સને ૧૮૩૦માં પુરૂં કરવામાં આવ્યું. ત્યારપછી પારસી દુકાનદારો તથા બીજા ધંધાદારીઓ ત્યાં જઇ વસ્યા અને હળવેં હળવે વસ્તીમાં વધારો થવા લાગ્યો. સને ૧૮૨૮ના સાલમાં સતારાના રાજાએ સતારા જીલ્લાની ખંડાલાં ડીસ્ત્રીકટમાં આવેલાં "વાઇ" ગામ અંગ્રેજ સરકાર પાસેથી લેઇ તેના બદલામાં અંગ્રેજ સરકારને માહાબલેશવર સપુરદ કીધું અને ૧૮૪૮માં તેને સતારા કલેકટરેટ સાથે જોડી નાખવામાં આવ્યું.

# હીલ્સની ખુબસુરતી.

Blue and baseless and beautiful.
Did the boundless mountains bear
Their folded shadows into the golden air
The comfortlessness of their chasms was full
Of orient cloud and undulating mist
Which, where their silver cataracts hissed
Quivered with painting colour.

RUSKIN.

જુદી જુદી રૂતુઓમાં માહાબલેશવરની ટેકડી તરેહ તરેહવાર રળીઆમનાં અને મનોરંજક દેખાવો આપણી નજરે પાડે છે. ચોમાસાં પછી અકતોબર માસમાં તેનો દેખાવ ઘણો રમણુય થઈ પડે છે, જે વખતે જાતજાતનાં રંગબેરંગી સુગંધી ફુલો આજુબાજુની જગાઓ ઉપર પુરતા બાહારથી ખીલી નીકળે છે. જેમાં જંગલી આરારૂતનાં ફુલો, જંગલી તથા ખરા ગોલાબો વગેરે બીજાં ફુલો તથા નજદીક વીસ જાતના "ફરંન"ના રોપાઓ આપણા જોવામાં આવે છે, અને જમીનની ઉપર જાણે કુદરતે લીલા રંગનો ગાલીચો બીછાવ્યો હોય તેવો ખુબસુરત દેખાવ થઇ રેહે છે. ઝરાઓ પોતાનું નીરમળ પાણી ગબરાવ્યા જાય છે, અને વરસાદના ધોત બંધ પાણીથી "યેના ફોલ" ઘણાં દબદબાથી ગોયા ચાલ્યો જતો હોય એમ લાગે છે. એ વેળા દુરના દેખાવોબી રળીઆમના અને આંખને ટાઢક આપનારા થઇ પડે છે. ટેકડી જાણે દુરથી આસમાન આગળ દબદબાથી ઉભી હોય એવો

દેખાવ કરે છે. બરી બામદાદની વખતે ખીણોની અંદર ધુમસ ગોયા ચાદરરૂપે પથરાયલો ચોતરફ નજરે પડે છે. સાંજની વેળાએ આફતાબ ગરૂબ થતી વખતે, તરેહતરેહવાર રંગો તેનાં કીરણની બરકતથી આપણી ખુશીમાં વધારો કરી નીકળે છે. આએ રૂતુની અંદર સાંમેની ખીણો તરફ અથવા દુર દરીઆ તરફ પુર જોશથી પવન ફુકે છે, અને પવનની લેહેરી જોકે તીક્ષણ પરંતુ દીલને બહુ રીજવનારી હોય છે તથા સાંજની કકડતી થંડીને લીધે સગડી સલગાવ્યા વગર બેસાઇ શકાતું નથી. મારચથી તે જુન સુધી માહાબલેશવરની હવા ઘણી દીલકસ હોય છે અને આસપાસની દુરદરાજ જગાઓમાંથી હવાના શોકીનો એ તરફ જથાબંધ ઉભાઇ જાએ છે, પણ એ ગરમીની રૂતુમાં સર્વે ફુળ ફળાદીઓ તથા પાણીના ઝરાઓ ઉપર લખ્યા મુજબ પોતાનો હલમલીઓ દેખાવ કરી શકતા નથી. ખીણોમાં ધુમસ હોવાને લીધે દુરના દેખાવો બરાબર નજરે પડતા નથી, જેથી આંખને રાહાત મલી શકતી નથી, તોબી એ વેળાએબી ટેકડી પોતાનો જુદોજ વીલક્ષીણ બાહાર દેખાડે છે અને લીલોતરીવાળાં જંગલો ચોતરફ હલીમલી રેહે છે જેથી દેખાવ ઘણો દીલપસંદ થઇ પડે છે. મે મહીનાની આખેરીથી ધુમસ વધવા માંડી ગાજવીજ થઇ જોસમાં વરસાદ પડી હવા ખુશનોમાં થાય છે, અને થંડી ગોલાબી નીકળી દીલને વધુ શાંતી આપે છે. જ્યારે આફતાબ સવારે નીકળે છે. ત્યારે રફતે રફતે ધુમસ કમતી થયાથી આસપાસની ટેકડીઓ જાણે પાછી સજીવન થઈ નીકળતી હોય એવી આપણી દૃષ્ટિએ પડે છે. એ વેળાએ બાગોનો બાહાર પુર

જોસમાં ખીલી નીકળે છે. સ્ટ્રાબેરી, રાસ્પબેરી, જીરેનયમ, ગુલાબ, વીગેરે થંડીના મુલકના ફળફળાદીઓ સારી પેઠે જથાબંધ નીકળી પડે છે. જુનથી સપટેમબર આખેર માહાબલેશવરનો દેખાવ અજબ રીતે ફેરવાઇ જાય છે. ત્યાંનાં ભારી ચોમાસાંને લીધે દેખાવ ઘણો ડરામણો લાગે છે. જળો, ગોકલગાએ, વગેરે જાનવરો નીકળે છે અને જગા રેહેવા લાએકની રેહેતી નથી. ત્યાંના માલીઓ દીવસોના દીવસો સુધી ઘેરમાંથી બાહાર નીકળી શકતા નથી. વરસાદનું જોર તા૦ ૨૫ મી જુનથી તે ૧૫ મી આગસટ સુધી એટલું તો માહાબલેશવરમાં છે કે ઉપલી મુદતમાં સુરજ મુદલ દેખાતોજ નથી. આખો દીવસ તથા રાત વરસાદ પડતોજ રેહે છે અને જો વરસાદ કોઈબી વખતે એક બે કલાક બંધ હોય છે તો તે વખતે ધુમસનો જોર એટલો બધો રેહે છે કે ત્રણ વારને છેટે બેહેલું આદમી પણ એક મેકને નજરે જોઈ શકતું નથી.

# મુંબઈથી માહાબલેશવર જવાના રસ્તાઓ.

---

મુંબઈથી માહાબલેશવર જવાના રસ્તાઓ આગળ જેટલા બીકટ હતા તેજ પ્રમાણમાં ત્યાં જવા સારૂ મોટી નાણાંની રકમ ખરચ કરવી પડતી હતી, અને તે લીધે એ આબો હવાવાળી ટેકડીનો ઉપયોગ માત્ર તવંગર લોકજ કરી શકતા હતા પણ ધન્ય છે અંગરેજ સરકારનાં રાજને તથા હાલ જમાનાની કળા કૌશલ્યને કે તે સર્વે મુશકેલીઓ હવે ટળી જઈને એ શીતળ ટેકડીપર જવાનો મારગ ઘણો સુતરો, સેહેલો, સસતો અને વગર ધાસ્તીનો થઈ પડ્યો છે. આજે શું તવંગર કે શું વચલે વાંધેનાં, શું મરદ કે શું ઓરત, શું અદના કે શું આલા, સરવે કોઈ દીવસના યા રાતના બીનદેહેસત મુસાફરી કરી ત્યાં જવઆવ કરી શકે છે.

માહાબલેશવરમાં દાખલ થવાના મુખ્ય ચાર મારગો છે.

પેહેલો દરીઆને મારગે નીચે પ્રમાણે જવાય છે:—

| | | | |
|---|---|---|---|
| મુંબઈથી દાશગામ.................... | | ૭૦ | માઈલ |
| દાશગામથી પોલાડપુર | ,, ... | ૧૬ | ,, |
| પોલાડપુરથી વાદા | ,, ... | ૧૫ | ,, |
| વાદાથી માહાબલેશવર | ,, ... | ૧૦ | ,, |

જુમલે માઈલ... ૧૧૧

## જુનો રસતો.

| | | | |
|---|---|---|---|
| મુંબઈથી પુણાં જી૦ આઈ૦ પી૦ રેલવે. | | ૧૧૯ | માઇલ. |
| પુણાંથી શેરવળ ફાઇતીનમાં યા તાંગામાં | | ૩૧ | ,, |
| શેરવળથી શીરૂળ | ,, | ૧૬ | ,, |
| શીરૂળથી વાઇ | ,, | ૭ | ,, |
| વાઇથી પંચગની | ,, | ૮ | ,, |
| પચંગનીથી માહાબલેશવર | ,, | ૧૨ | ,, |
| | જુમલે માઇલ... | ૧૯૩ | |

## નવો રસતો.

| | | | |
|---|---|---|---|
| મુંબઈથી પુણાં જી૦ આઇ૦ પી૦ રેલવે. | | ૧૧૯ | માઈલ. |
| પુણાંથી વાથાર, સધરન મરાઠા રેલવે | | ૬૮ | ,, |
| વાથારથી વાઈ, ગાડીનો રસ્તો | | ૧૮ | ,, |
| વાઈથી પંચગની | ,, | ૮ | ,, |
| પંચગનીથી માહાબલેશવર | ,, | ૧૨ | ,, |
| | જુમલે માઇલ... | ૨૨૫ | |

## ચોથો મારગ.

| | | |
|---|---|---|
| મુંબઇથી પુણાં જી૦ આઇ૦ પી૦ રેલવે. | ૧૧૯ | માઇલ. |
| પુણાંથી સતારા રોડ, સધરન મરાઠા રેલવે. | ૭૮ | ,, |
| સતારા રોડથી સતારા. | ૭ | ,, |
| સતારાથી માહાબલેશવર. | ૩૩ | ,, |
| જુમલે માઇલ... | ૨૩૭ | |

જુનો રસ્તો પુણેથી માહાબલેશવર જવાનો ઘણો શરસ પાક્કો બાંધણીનો છે, અને તે પસાર કરતાં રસ્તામાં એ નાંખલા

ઘાતો એક "કાતરજ" અને બીજો "ખંડાલા" ચહડવો પડે છે. એ રસ્તો તથા સધરંન મરાહ્ટા રેલવેનાં વાથાર સ્ટેશન પરથી નવો બાંધેલો રસ્તો બેઉ "વાઇગાંમથી" બે મૈલ દુર જોડાઇ જાય છે. જ્યાંથી "વાઇ" ગાંમ આવી પુગતાંજ ત્યાં સરકારી મુસાફ્રર બંગલામાં જરા વીસામો લેવા બાદ "વાઈનો ઘાટ" અથવા "પસારની ઘાટ" ચહડવો પડે છે. એ ઘાત સુમારે ૮ માઈલ લાંબો છે, અને ઘોડાની નાંળનાં જેવો આકાર છે. તે એટલો તો ચહડવામાં અઘડો છે કે ઘોડાઓ ગાડી સાથે ચહડવાને શકતીવાન નહીં હોવાને લીધે ગાડીઓ-ને ખચર જોડી ઉપર લેઈ જવી પડે છે. વાઇનો ઘાટ પુરો કરતાં આપણે "પંચગની" માં દાખલ થઇએ છઈ-એ. જ્યાં પુગતાંજ તમારા જીવને રાહાત, તમારી આંખને ઠંડક, તથા તમારા મનને ગોયા શાંતી મલતી હોય એમ ઠંડી પવનની લેહેરીથી માલમ પડે છે. અંહીં સરકારી મુસા-ફ્રર બંગલો આવેલો છે જ્યાં ઉતારો લેવાને સવલ પડે છે. પંચગનીથી માહાબલેશવર સુમારે બાર માઈલ છે, અને રસ્તો ઘણો સારી બાંધણીનો છે. પુણેથી માહાબલેશવર જુને રસ્તે-થી જવાનાં ફ્રાઇતીનનાં ૩૪૦ તથા ટાંગાનાં ૩૨૫) ભાડાનાં આપવા પડે છે તથા નવે રસ્તેથી વાથારથી માહાબલેશવરનાં ફ્રાઇતીંનનાં ૩૨૫) અને ટાંગાનાં ૩૧૫) પડે છે.

ફ્રાઇતીન અથવા ટાંગાનો બંદોબસત આગમચથી કરવો જરૂરીઆત છે, અને તે શેઠ ફ્રરામજી અરદેશર મેલ કંનત-રાકટર, અથવા શેઠ બરજોરજી પીરોજસાને પુણે લખવાથી મળી શકે છે.

મુંબઈથી માહાબલેશવર દરીઆને મારગે જનારા સાહેબોને જાણવાનું અગત્યનું થઇ પડશે કે દરરોજ સહવારનાં ૬ કલાકે કરનાક બંદર પરથી "શેફરડ કંપની" ની આગબોટો "બાંનકોટ" જાય છે તેમાં બેસી જવું પડે છે. બાંનકોટથી નાંધલી બોટમાં બેસી દાસગામની ખાડી પસાર કરવી પડે છે જ્યાંથી માહાડ બંદરપર તરણુ કલાકમાં જવાએ છે. આએ મુશાફ્રી સારૂં બે દીવસનો પુરતો ખોરાક સાથે રાખવાની જરૂર છે. "દાસગામ" માં એક ધરમશાળા તથા મુસાફ્ર બંગલો આવેલો છે ત્યાં મુકામ કરવાને બની આવે છે. દાસગામમાં ઉતારો લેઇ ટાંગા અથવા ફ્રાઈતીનમાં બેશી ૧૬ માઈલ દુર "પોલાદપુર" જવું પડે છે અને સુરજ અસ્ત પામ્યા બાદ "અમબેનાલી" ધાટ ચહડવો પડે છે. "પોલાદપુર" છોડવા બાદ જુનાં "કીનેશવર" રસ્તેથી સુમારે ૫ા માઈલ દુર જઇ "પરતાબગઢ"ની પશ્ચીમ તથા ઉતર તરફ ફ્રીફ્રીને "વાડા" ગામમાં અવાય છે, જ્યાંનો મુસાફ્ર બંગળો ધણોજ રળીઆમણો છે. વાડા આવી પુગા કે માહાબલેશવરમાં પાંચ કલાકમાં દાખલ થવાય છે. "વાડા"થી "ફ્રીતઝેરલડ ધાટ" ચહડવો પડે છે જે સુમારે ૧૦ માઇલ લાંબો છે. અને તે "બોંબે" અને "સીડની" પોઇંટોની ખીણોની આજુબાજુથી કોતરવામાં આવેલો છે. મજકુર રસ્તેથી માહાબલેશવર જવા સારૂ ફ્રાઇતીન અથવા ટાંગાની આગળથી તજવીજ રાખવાની જરૂર છે. મેલ કંતરાકટરને લખવેથી તે પુરી પાડે છે. ચોમાસાના દીવસોમાં દાસગામને રસ્તેથી આવજાવ થઈ શકતી નથી.

# માહાબલેશવર નામ શા ઉપરથી પડયું ?

એવું કહેવામાં આવે છે કે અત્રેનાં બજારની ઉતરે સુમારે ત્રણ માઈલ દુર એક ગામડામાં "માહાબલેશવર" નામના આ-વેલાં દેવલ ઉપરથી આએ સેનીટેરીઅમનું નામ માહાબલેશવર પડયું છે. એ સેનીટેરીઅમ સરકારી દસ્તાવેજમાં "નેહેર" તથા "માલકમ પેઠ" ને નામેથી ઓળખાય છે. એ ગામડામાં ત્રણ મુખ્ય દેવલો આવેલાં છે જેના નામો "માહાબલેશવર" અથવા શીવ "કરીશનબાઈ" તથા "અતીબલેશવર" અથવા વીષ્ણુ કરીને છે. ખુદ "માહાબલેશવર દેવલ"ની આજુબાજુએ સુમારે પાંચ ફીટ ઉંચી મજબુત પથરની દેવાલ બાંધી લીધેલી છે, અને એ દેવલની મરામત કરવા પાછલ હીંદુઓ સારૂં નાંણું ખરચે છે, કારણ એ એક "તીરથ"ની જગયા છે. એ દેવલને અંદરથી બે ભાગમાં વેંહેંચી નાંખ્યું છે. તેની અંદરના ભાગમાં ખુદ હીંદુઓના દેવની મુરતી છે અને બાહારની બાજુ પુંજારીઓ અથવા જાતરાલુઓને ઉભા રહી પુંજા કરવા હલાએદી રાખેલી છે. એ દેવલમાં એક ઉંચી પથરની દેવાલ આવેલી છે જેની નીચે સાત સાત ફીટ દુર પાંચ ખાડાઓ આવેલા છે જેમાંથી પાણી વેહે છે. હીંદુઓ એમ માને છે કે એ પાંચ ખાડાઓ પાંચ નદીનાં છે તેના નામો કરીશણા, કોહીના, યેના, ગાઇતરી અને સાવીત્રીના છે. જે પાણી સઘળું જોડાઇ જઈને સુમારે ૧૦ ફીટ દુર આવેલી પથરની કોતરેલી ગાય છે તેમાંથી એક ટાંકીમાં પડે છે અને જ્યારે તે ટાંકી

ભરાઇને ઉભાઈ જાય છે ત્યારે પાણી બીજી ટાંકીમાં જાય છે. પેહેલી ટાંકીમાંનું પાણી ઊચી જાતના હીંદુઓ નાહાવાના કામના વપરાસમાં લીયે છે અને બીજી ટાંકીના પાણીમાં હલકી વરણના હીંદુઓ સ્નાન વગેરે કરે છે. એ દેહેડાંઓની હસ્તી વીશે ચોકસ ખબર મળી શકતી નથી, પણ ત્યાંના રેહેવાસીઓ એવું માને છે કે એ બસો વરસની ઉપરના હોવાં જોઈયે. સને ૧૮૭૫ના સાલમાં જમખંડીના રાજાએ સુમારે રૂ૧૫૦૦૦ ખરચી તે ઉપર કારૂગેટેડ પતરાંના છાપરાં વીગેરે બાંધી એ જગાની સારી મરામત કીધી હતી. એ દેવલો વીશે એક હીંદુકથા મારા સાંભળવામાં આવી છે તે એ છે કે બે રાક્ષસ ભાઇઓ "માહાબલ" અને "અતીબલ" બ્રાહ્મણો તથા તેઓનાં દેવોનાં કટા વેરીઓ હતા. તેઓ એવા તો લડાએક અને શકતિવાળા હતા, કે બ્રાહ્મણ લોકોના ધર્મની આડે આવી તેઓને ઘણા સતાવતા હતા. તે ઉપરથી બ્રાહ્મણોએ પોતાનાં દેવ "વીષ્ણુ"ની મદદ માંગવાથી વીષ્ણુએ આવી "માહાબલ"નાં નાના ભાઈ "અતીબલ"ને ઠાર કીધો. એ ઉપરથી ગુસે થઈ માહાબલે વીષ્ણુને હાથો-હાથ બળ અજમાવવાને ધમકી આપી. તેઓ બેઉએ ઘણા કલાક સુધી ઝપાઝપી કરવાથી વીષ્ણું ઘણો થાકી ગયો અને તેણે પોતાની જાદુઇની દેવીની મદદ માંગી જેણે માહાબલપર જાદુ નાખી તેને નબલો બનાવ્યો, અને વીષ્ણુ જે માંગે તે માહાબલે બક્ષવાને વચન આપ્યું. એ ઉપરથી વીષ્ણુએ "માહાબલ"નો જીવ લેવાનું માંગી લીધું અને માહાબલે જ્યારે પોતાનું વચનજ આપેલું હતું તેથી તેણે મરવાની ખુશી

બતલાવી. પછી દેવોએ માહાબલને કાપી તુકડે તુકડા કરવા માંડયા, અને માહાબલની હીમત જોઈ શીવ ઘણો તાજુબ થવા લાગો અને તેની મરતી વખતની જે માંગણી હોય તે તેને બક્ષવાની ખુશી બતલાવી. તે માંગણીમાં મુખ્ય માંગણી એ હતી જે શીવ અને વીષ્ણુ એ માહાબલ અને અતીબલનાં નામો ધારણ કરી તેઓની લડાઈની યાદદાસત તરીકે એ બેઉ દેવલોનાં નામો "માહબલેશવર" તથા "અતીબલેશવર" ને નામે ઓળખવાં. ત્યારથી એ દેવલનું નામ માહાબલેશવર આપવામાં આવ્યું છે જે અમોએ ઉપર કેહેવા પ્રમાણે બજારની ઉતરે સુમારે ત્રણ માઇલ દુર એક નાના ગામડામાં આવેલાં છે અને તે ઉપરથી આ સેનીટેરીઅમનું નામબી "માહાબલેશવર" કરી રાખવામાં આવેલું છે. એ દેવલની દર વરસ મોટી જાત્રાઓ થાય છે જે વીશે હવે પછી બોલીશું.

# માહાબ્લેશવરની હવા.

માહાબલેશવરની આબોહવાનું બયાંન પુરતા શબ્દોમાં થઇ શકે નહીં. માહાબલેશવરની ખચીત બલીહારી છે, કામ ધં-ધાથી કંટાળેલા, ફીકર અને જંજાલથી રીબતા શખસો, જો ફકત પોતાનાં ભેજાંને આરાંમ આપવા માંગતા હોય તો આ આબોહવાવાળી ખુશનુમાં દીલપસંદ અને મનોરંજક જગા સમાન બીજી કોઈ હું જોતો નથી. જ્યારે કોનકન તથા દખણ જીલ્લામાં લોકો અતીશય તાપ અને ઉનાળાથી કંટાળતાં હશે, જ્યારે મુંબઈ જેવાં શેહેરમાં આફીસે આ-ફીસ પંખાપર પંખા ચાલતા હશે, ત્યારે માહાબલેશવરમાં ઠં-ડીની લેહેકી તમારાં મોહડાં ઊપર ખુશનુમાં રીતે પડી તમો-ને દરેક રીતની તંદરોસ્તીની બાબદમાં ઘણી ફાયદાકારક મા-લમ પડે છે, એટલુંજ નહીં પણ દીવસનાબી ગરમ કપડાં દી-લપર રાખયા વગર અને રાતના ગરમ બલાંકેટનો ઉપયોગ કરયા વગર તમોને ચાલે નહી. અકટોબરથી જુન મહીના સુધી હવા ઘણીજ ખુશનુમાં તથા તંદરોસ્ત હોય છે, અને તે નબલા બાંધાના કે જોરાવર માણુસોને ઘણી માફક આવે છે, સીવાય જે શખસ અથવા શખસો જેઓ કમનસીબે દીલ અથવા છાતીના દરદથી હલાક હોએ તેવા દરદીઓને માહા-બલેશવરથી દુર રેહેવાને ડાકટરો ભલામણ કરેછે. તેમજ જેઓ લીવર ઇઆ અતેસાર તથા રીઉમાતીજમથી હલાક

થતા હોએ તેવા દરદીઓએ ઘણીજ સંભાલથી રેહેવાની જરૂર છે અગર નહીં તો તેવા શખસોને પઇસા ખરચી અંતરે આવવાનું ફોકટ છે. મુખ્ય કરી માહાબલેશવરની આઓ હવા હાંફનવાળા દરદીઓને ઘણી માફક આવે છે તથા ખહી જેવા દુષ્ટ રોગની બદનમાં સરૂઆત થયલી હોય તેવા શખસોએ માહાબલેશવરનો લાભ લીધા વગર કદી ચુકવું નહીં. તેઓ બેશક ફાયદો હાંસલ કરશે અને તે ફાયદો હાંસલ થયલા ઘણા શખસો હાલ આ બાબદને ટેકો આપવાને મલી આવશે. બીજા હાથ પર માહાબલેશવરની હવા જે શખસો "આંતરે આંતરેની તાવથી" પાચનશકતી બીગડવાથી થતા રોગોથી તથા સાધારન નબલાઈથી અથવા ગરમ દેશમાં લાંબો વખત કાહાડવાથી તનને અને મનને થાએલી બેચેનીથી રીબતા શખસોને તથા માથાનાં દરદવાળાને બેહદ ફાએદો હાંસલ કરે છે. મુખ્ય કરી યુરોપીઅન લોકો પોતાના બાળકોને માહાબલેશવરની ટેકડી ઊપર મોકલાવે છે કેમજે દાંત નીકલવાથી જે દરદો થાએ છે તેહનો અટકાવ ત્યાંની હવાથી થાએ છે. ઘણું કરી અકટોબર મહીનામાં માહાબલેશવરમાં થોડો વરસાદ પડે છે અને તેવી જગા સરદ થઇ સાંજ સાંજના ધુમસ પડે છે, જે વખતે થરમામીટર સૂમારે ૬૬ ડીગરી હોય છે. નવેમબર ડીસેમબર તથા જાનેવારીમાં હવા સુકી થઇ ઉગમણ તરફથી સખત થંડો પવન ફુંકવાને લીધે બંગલાઓમાં સગડી સલગાવયા વગર રેહેવાય નહી અને એ ત્રણ મહીનામાં એવી તો સખત થંડી પડે છે કે પારો છેક ઉતરીને ૬૩ ડીગરી થાય છે. ફેબરવારીની અધવચમાં હવામાં ફેરફાર થ-

વા માંડે છે અને થંડીની મોહોસમ આખર થાય છે, જે વખતે થરમામીટરમાં ૬૭ ડીગરી પારો નોંધાયલો હોય છે. મારચ માસની ૧૫ મી તારીખથી તે એપરેલની ૧૫ મી તારીખ સુધી જરા ગરમી માલમ પડે છે અને એ દીવસો માહાબળેશવરનાં સખત તાપના કહેવાય છે, જે વખતે થરમામીટર વધતામાં વધતો ૯૦ ડીગરી રહે છે. એપરેલ મહીનાની આખેરીએ ઘણું કરી હવામાં ફેરફાર થઇ પશ્ચિમ તરફનો ઠંડો ખુશનુમાં દરીઆનો પવન ફુકે છે. મે મહીનામાં ઘણું કરી વરસાદ વારંવાર પડી હવા ઘણી ખુશનુમાં બને છે. હવામાં સરદી માલમ પડે છે અને આજુબાજુની ખીણોમાં ધુમસ પડતો દેખાય છે. ચોમાસાની મોહસમ તા૦ ૧૫ મી જુનથી બરોબર સરૂ થયલી કહેવાય છે પણ ઘણા ખરા પરોણાઓ તા૦ ૧૫ મી જુન સુધી રહે છે. ગવરનર સાહેબ તથા બીજા બડેખાંઓ ચોમાસામાં માહાબલેશવર છોડી ગયા બાદ તેઓનાં સુપરીનટેનડંટ અથવા બજાર માસતરબી છેલ્લા રવાનાં થયા બાદ માહાબલેશવરની મોહોસમ આખર થાય છે, જે વખતે માહાબલેશવરના જાથુકના થોડા દુકાનદાર રેહેવાસી સીવાય બીજાઓને રહેવું ધાસ્તી ભરેલું છે. માહાબલેશવરેનું ચોમાસુ ઘણું સખત હોય છે, જુલાઇ માસમાં એટલો તો ભારે વરસાદ પડેછે જે એક દીવસમાં નજદીક ૧૨ ઇંચ વરસાદ પડેલો નોંધાયલો છે. આખાં ચોમાસામાં વધતામાં વધતો વરસાદ ૩૪૦ ઇંચ ૧૮૭૫ નાં સાલમાં પડયો હતો અને દર સાલની વરસાદની આવરેજ ૨૭૫ થી ૩૦૦ ઇંચની છે. આ ઉપરથી માલમ પડશે જે ચોમાસામાં માહાબળેશવરમાં બીલકુલ રહેવાઇ

શકાતું નથી અને તેથી સરવે કોઇ, ઘણાખરા દુકાનદારોભી સતારા અથવા પુણે દુકાનો બંદ કરી જતા રહે છે. ગરમીની મોહોસમ ખલાસ થયાથી જેમ જેમ બંગલાઓ ખાલી થતા જાય છે તેમ તેમ તે બંગલાઓને ઘાસની ટટીઓથી બંધ કરી લેવામાં આવે છે, જેથી વરસાદ અને ધુમસથી ખરાબ થાય નહીં, તોપણ ઇમારતોની મરામત દર સાલ વધતી ઓછી કરયા વગર તો ચાલતુંજ નથી.

# માહાબલેશવરનું પાણી.

માહાબલેશવરની મોહોટી ખુબી તેના હજમીઅત, નીરમળ અને સ્વચ્છ પાણીમાં છે એમ કહીએ તો સહરાગત જેવું કેહેવાએ નહી. રસાયન શાસ્ત્રીઓએ એવું સીધ કરી આપયું છે જે એ પાણીમાં "લોખંડ"નો મોહોટો ભાગ આવેલો છે અને તેથી એ જગાનાં પાણી બીજાં સેનીતેરીઅમોનાં પાણી ઉપર સરસાઇ ભોગવે છે. તે વારંવાર પીધાથી નુકશાન કરતું નથી અને તેમાં એવીતો થંડી ભરાયલી હોય છે જે તમો બરફ નાખી પીઓ તેનાં કરતાં વધારે થંડુ અને વધારે લેહેજતદાર હોય છે. એપરેલ તથા મે મહીનાના ગરમીનાં દીવસોમાં જો એક કરશલી ભરી પાણી મુકીયું હોય તો થોડા વારમાં તે કરશલીની બાહાર બરફ નાખેલા પાણીની માફક તે પાણી જરફવા માંડી કરશલી બાહારથી સફેદ રંગની બની જાએ છે, અને થંડીની મોસમમાં ગરમ પાણી અંદર ભેળીઆ વગર તમારાથી પાણી બીલકુલ પીવઈ શકાએ નહી. માહાબલેશવરમાં અસલનાં બાંધેલા કુવાઓ છે જે ૩૦ થી ૫૦ ફીટ ઊંડા ખોદેલા છે, અને તેજ કુવાઓનું પાણી પીવા સારૂં ત્યાંના વતનીઓ વપરાસમાં લીએ છે. એ કુવાઓમાં આજુબાજુનાં પાહાડોનાં સબબથી પાણીના ઝરાઓ આવેલા છે જેથી પાણી હમેશ નીરમળ અને સ્વચ્છ મળી શકે છે.

**એક મોટો તલાવ** ઘણાં વરસોની વાત ઉપર સતારાના રાજાએ બાંધેલો છે જે માહાબલેશવરમાં દાખલ થતાંજ જમણા

હાથ પર આવેલો છે. એ તલાવે ૨૮ એકર જગયા રોકેલી છે અને સુમારે ૧૦ ફીટ ઊંડો છે. તેની અંદર પુષ્કળ ઝરાઓ લાગવાથી પાણીનો જમાવ પુષ્કળ થઈ રહે છે. એ તલાવનું પાણી ત્યાંના વતનીઓ પીધાના વપરાસમાં લેતા નથી, પણ ઘણું કરી એ પાણી બાગ બગીચાઓને મોટી મદદ થઇ પડે છે તથા ધોબી લોકો કપડાં ધોવા વીગેરે કામમાં વાપરે છે.

# માહાબલેશવરનાં ઝાડો.

માહાબલેશવર ઉપરના પહાડો ઉપર ઝાડપાણોનો ભંડાર ભરેલો છે. હીયાં ત્યાં અને જ્યાંબી જાવો ત્યાં ખુદરતે જાણે તમારી આગલ લીલા રંગની સેતરંજી બીછાવી હોય તેવો દીલને ખુશ કરનારો દેખાવ તમારી નજર આગલથી ખીસતો નથી. માહાબલેશવરમાં ફુલફુલાદીનાં ઝાડો એકબી નથી અને તમો તે ઉગાડવાની મેહેનત કરો તો તે સરવે મેહેનત તથા પૈસો બરબાદ જાય છે. અહીંયાંનાં ઝાડો જાણે માહાબલેશવરનાંજ વતની હોય તેમ દેખાય છે, અને સરવે દવા દારૂના કામમાં અતી ઉપયોગી કહેવાય છે. "જાંબુ" "પીસા" "ગેલા" નામનાં ઝાડો બેહદ ઉગેલાં છે. જાંબુના ઝાડ ઉપર ફુલ થાય છે ખરાં, પણ તે ફુલ આપણે બીજી જગોના મોટાં માવાવાળાં જાંબુઓ ખાઇયે છીયે તેવાં થતાં નથી. એ જાંબુ થરયા જેવાં ઘણાં નાનાં હોય છે, જે અતરેના રહેવાસીઓ ખાવાના કામમાં વાપરે છે. પણ એ જાંબુના થરયા એક જાતના દરદ ઉપર અકસીર ઇલાજ છે. એવું સાંભળવામાં આવયું છે કે કેટલાક સખી ગ્રહસ્થો એ થરયાઓ જથાબંધ સુંકાવી તેનો ભુકો કરી દર સાલ ભરી રાખે છે, અને તે "દાયબીટીસ" અથવા મીઠી પીસાબથી રીબતા દરદીઓને બક્ષેશ તરીકે આપે છે. જે કમનસીબ શખસો એ ખરાબ દરદથી હલાક હોય તેઓને જાંબુના થરયાનો ભુકો વાપરવાની ભલામણ કરીએ છીએ. પીસા નામના ઝાડના

પાંડદાંબી દવા તરીકે અકસીર કહેવાય છે. એ પાંદડાં લીલાં અથવા સુકાં પાણીમાં રાતે ભીજવી રાખી તેનો અરક સવારે દુધમાં વાપરવાથી નબલા બાંધાના શખસને ફાયદો કરે છે. એ ઝાડ ઉપર એક જાતનાં બારીક લાલ ફુલો થાય છે, જેમાંથી અતરેના ગરીબ રહેવાસીઓ એક જાતનું તેલ કહાડી તેનો બાલવાના કામમાં ઉપ્યોગ કરે છે. રંગ અથવા સાહી બનાવવામાં "હરડાં" નામનાં જે ફલો ઉપ્યોગમાં લીયે છે તેનાં ઝાડો માહાબલેશવરના જંગલમાંથી પુશકલ મલી આવે છે. આગલ એ હરડાંઓ જંગલમાંથી વીણી લાવી ગરીબ રહેવાસીઓ માહાબલેશવરમાં દુકાનદારો અથવા વેપારીઓને વેચી પોતાનો નીરવાહ કરતા હતા, પણ ૧૮૭૭ ના સાલમાં ગરીઓના ફાયદા માટે સરકારે એ હરડાંનું કંટરાકટ આપવા માડયું, એટલે જે શખસે કંટરાકટ લીધું હોય તેનેજ એ હરડાં ગરીઓએ વેચવાનું નક્કી કીધું. તે પ્રમાણે જ્યારે ૧૮૭૭ માં પેહેલવેહેલું કંટરાકટ અપાયું તે વખતે સુમારે ૨૯૦૦ ની આયપત સરકારને થયલી કહેવાય છે. પણ પાછલથી તેની આવક કમતી થવાને લીધે એ હરડાં જંગલ ખાતાંએ ખરીદ કરી પાછલથી તે મોટે નફે વેચયાં હતાં. બીજાં ઝાડો "બોમા" "તામબત" "સુપા" તથા "લેનગ" ને નામે ઓલખાય છે. એ ઉપરાંત નજદીક પચીસ જાતનાં "ફરન" તથા • વેલાઓ ઘણી ખુશનુમાં રીતે જલદીથી ઉગે છે.

# માહાબલેશવરનાં પક્ષીઓ તથા જંગલી જણાવરો.

---

માહાબલેશવરનાં મુખ્ય પક્ષીઓમાં બુલબુલ, જંગલી મરઘો, તથા મરઘી, "બરડ ઓફ પેરેડાઈસ" "બલેક બરડ" અને "મેંગો બરડ" ને નામે ઓળખાઈતાં પક્ષીઓ છે, જે દેખાવમાં ઘણાં ખુબસુરત હોય છે. બરી બામદાદને વખતે બુલબુલ તથા બીજાં પક્ષીઓ પોતાનો મીઠો સરોદ કાહાડી આપણાં દીલને ખુશ કરી રીઝવે છે. જંગલી મરઘા ઘણું કરી જંગલોમાં મળી આવે છે, અને તેનો શેકાર ત્યાંના વતનીઓ કરેછે. એ મરઘાંઓ પાળી શકાતાં નથી અને પકડીને પાંજરામાં રાખ્યાં હોય તો તે ઝુરી ઝુરીને મરણ પામે છે. કાગડાઓ શુધ્ધ કાળા રંગના તથા મોટા કદના હોય છે, પણ મુંબઇ અથવા પુણાં અને બીજી જગ્યા જેવાં ચલીઆંઓ એકબી માહાબલેશવરમાં શોધીયું મળતું નથી અને એ ચલીઆંઓ જેમ સવારનાં ચીં ચીં કરી કંટાળો આપે છે તેમ માહાબલેશવરનાં સુંદર દેખાવનાં નાનકડાં ચલીઆંઓ પોતાના મધુર રાગથી અને ગાયનથી આપણાં દીલને તથા મનને પુશકળ રાહાત આપે છે.

માહાબલેશવરમાં જંગલી જનાવરોમાં મુખ્ય કરી વાઘ, ચીતા, પાનઠરે, કોલાં, જંગલી ડુકરો, રાંનમાંજરો વીગેરે હોય છે, પણ એ જનાવરો ઘણું કરી મોટાં જંગલોમાં મળી આવે છે, અને કદાચ જો એકુ વાઘ અથવા ચીતો વસ્તીમાં દેખાવ દી-

એચ તો સાહેબ લોકો શેકાર કરી તેવોનો નાશ કરે છે. માહાબલેશવરનું નામ વાઘની બાબદમાં નકામું બદનામ થયેલું છે. જેટલા વાઘો ખંડાળા અને માથેરાન તરફ દેખાવ દીએછે તેટલા માહાબલેશવરમાં આવતા સાંભળવામાં આવતા નથી. તેઓ બંગલાનાં કંપાઊંડોમાં આવવાની હીમત કરતા નથી અને તેમ આવેલા કોઇબી જુનામાં જુનાં રેહેવાસીઓને યાદ નથી. સાબર, હરન, સસલાં વીગેરે જંગલોમાંથી પુશકળ મલી આવે છે.

**સાંપો.** રસ્તામાં ફરવા જતાં સાંપોની સંભાળ રાખવાની જરૂર છે. માહાબલેશવરમાં મુખ્ય સાંપોની જાત "નાગા" "ફુરસા," "ઘોનાસ" અને "મનીયાર"ને નામે જાણીતી છે. તેમજ "કોબરા" જાતનાં સાંપોબી પુશકળ મળે છે. એ દીવસના જાજા દેખાતા નથી, પણ સાંજના અંધારૂં પડવા માંડયું કે પોતપોતાના દરોમાંથી નીકળી બાહાર આવે છે. અંગ્રેજ સરકારે "કોબરા" જાતના સાંપોનો નાશ કરવા સારૂં દર કોબરા દીઠ બે આના તથા બીજાં સાંપોનો ૧) આનો ઈનામ આપતું કરવાથી ત્યાંના વતનીઓ તે મારી લાવી બજાર માસ્તર પાસે લાવી ઇનામ મેળવે છે.

# માહાબલેશવરની જોવાલાયક જગયાઓ.

---

માહાબલેશવરમાં ગાડીમાં બેસી યા ઘોડા પર સ્વાર થઇ યા પગે ચાલીને જોવા જવાની જગ્યાઓ બેસુમાર છે, અને મોટું સુખતો એટલા માટે છે જે તમો ભાડેની યા ઘેરની ગાડીમાં બેસી ગમે ત્યાં ફરવા હરવા જઇ શકો છો. માહાબલેશવરનાં રસ્તાઓ જો કે ચડઉતરના છે તોએ પણ તે પાકી બાંધણીના અને ઘણાં સારા છે, એટલુંજ નહીં પણ તે મુંબઇ જેવી વસ્તીના રસ્તાઓને શરમમાં નાખે એવા સાફ અને સરસ છે. હાલમાં એક નવા રસ્તાનો ઉમેરો કરવામાં આવેલો છે. "સર દીનશા રોડ"ને નામે એક નવો કુશાદે રસ્તો "લીલી કાટેજ" નામનાં બંગલા આગળથી લેઈ જઈ તલાવની ઉતર બાજુએથી ફરતો બાંધી પુણા રસ્તાને મેલવીઓ છે, અને એ રસ્તા પાછળ સુમારે રૂ ૧૨૦૦૦)નો ખરચ થએલો છે જેમાં રૂ ૩૫૦૦) સર દીનશાજી માણેકજી પીટીટ નાઈટે ત્યાંની મીઊનીસીપાલીતીને ભેટ આપીઆ છે. એ રસ્તાની લંબાઇ અજમાશે સવા માઈલની છે અને પોહોળાઇ ૨૦ ફીટની છે. એ રસ્તા પરથી ગાડી ઘોડા પર બેસી તળાવની આજુબાજુ ફરવા હરવાનું ઘણું સવલ થઇ પડયું છે.

"**સીનકોનાં પલાનતેશન**" સીનકોનાનાં ઝાડો ઊગારવા સારૂં અને તેની પુરતી મરામત કરવા સારૂં અંગ્રેજ સરકારે પૈસો ખરચવાનું કશું બાકી રાખયું હતું નહી. પણ દલગીરીની વાત એ છે જે તેની પાછલ ખરચેલો પૈસો તથા કીધેલી મેહેનત સરવે બરબાદ ગઇ છે, અને આજે એ

જગ્યા પર છુટાં છવાયાં સીનકોનાનાં ઝાડો આપણી નજરે પડી તે બાજુની જગ્યા બધી વેરાન થઈ ગએલી માલમ પડે છે, તે જગ્યા હાલ જંગલ ખાતાંનાં સ્વાધીનમાં આપી છે. ત્યાં એક સુંદર નાંધલો બંગલો છે જેમાં જંગલ ખાતાંનો અમલદાર વસે છે. એ સીનકોનાનાં ઝાડો ઉગાડવા પાછલ અંગ્રેજ સરકારે નજદીક રૂ ૭૦,૦૦૦ની મોટી રકમ ખરચેલી કેહેવાય છે. એ જગ્યા બજારથી ઊતર તરફ ત્રણ માઈલ દુર "લીંગમલા" આગળ આવેલી છે. અને જગ્યાની માલકીનો હક માહાબલેશવર દેવળવાલાઓ ધરાવે છે, જેનો વીસ્તાર સુમારે ૯૫ એકરનો છે. તે "યેના" નદીના કીનારાની જમણી બાજુએ આવેલી છે. એ ઝાડો ઉગાડવાની આગમજ થોડી જગ્યા અંગ્રેજ સરકારે વેચાતી લીધી, અને બાકીની ૩૦ વરસને પટે તા૦ ૧ લી આગસ્ટ ૧૮૬૫થી ૩૧મી જુલાઈ ૧૮૯૫ સુધી વરસ દહાડે રૂ ૩૦૦એ ભાડે રાખી હતી—"યેના" સરોવર આગળ તથા "લીંગમળા" આગળ બે જબરા "દાંમ" બાંધી લેઈ પાણીને એ જગ્યા પર લઇ જવામાં આવ્યું. એ દાંમો બાંધવા પાછળ નજદીક રૂ ૧૩૦૦૦નો ખરચ કીધો હતો. એ પલાનતેશનની મરામત તથા દેખરેખ કરવા અંગ્રેજ અનુભવી માણસોને નોકરી પર રાખવામાં આવ્યા હતા, પણ ગમે તેટલી સંભાળ છતાં પાછળથી એ ઝાડો કરમઇ જવા લાગાં અને સરકારને નુકસાન જવાથી ખરચ ખુતનમાં કેટલીએક કાપકુપ કરવી પડી. ત્યાર બાદ સીનકોનાનાં નજદીક વીસ હજાર રોપાઓ "નીલગીરી"થી અંગ્રેજ સરકારે મંગાવી ત્યાં રોપીઆ જે ચાર વરશમાં પુરતા

૪

ખીલી નીકલયા, પણ પાછલથી કીડાઓએ તે સંધાનો નાશ કીધો. એ પરથી "નીલગીરી સીનકોના પલાનટેશન"ના સુપ્રીનટેનડંટને માહાબલેશવર મોકલાવી તેની પાસે સરકારે રીપોર્ટ માંગીયો. જેણે પોતાનો એવો અભીપ્રાય આપીયો જે એ જગા પર સીનકોનાનાં ઝાડો ઊગારવામાં ફાયદા ભરેલું નથી અને તેથી એ યોજનાં પાછળથી સરકારને છોડી દેવી પડી, અને તેની પાછળ વધુ ખરચ કરવાને ના પાડી તથા ૧૮૭૫ના સાલમાં એનો બધો વહીવટ જંગલખાતાંને સ્વાધીન કરવામાં આવ્યો હતો.

"**આરઠર સીટ**"—આએ જગા દરીઆની સપાટીથી ૪૪૦૦ ફીટ ઊંચી છે. અને તે મરીમાહાલને નામેબી ઓલખાય છે. જ્યાં પેહેલાં એક ઝુપરૂં મી૦ આરઠર માળેટ નામના અંગ્રેજે બાંધયું હતું, જે પરથી એનું નામ "આરઠર સીટ" આપવામાં આવ્યું. તે બજાર આગળથી શુમારે ૭ માઇલ દુર આવેલી છે. જ્યાંથી કોકનનું મેદાંન ખુલ્લું નજરે પડે છે, અને નીચે જે ગામડાંઓ આવેલાં છે ત્યાંનાં રેહેવાસીઓ એ સીટ ઉપરથી નીચે જોતાં ઢીંગલી જેવાં નાહાલાં દેખાય છે અને કીડીઓ જેમ પોતાનાં માળા આગળ ચાલતી દેખાય તેટલાં નાહાનાં ત્યાંનાં લોકો ચાલહાલ કરતાં માલમ પડે છે. જ્યાં "શાવીતરી" નદીનું મુખ આવેલું છે, જેનું પાણી ખડકો પરથી નીચે કોકનમાં જઈ પડે છે. આએ પોંઈટ ઉપરથી દેખાવો ઘણા દબદબા ભરેલા નજરની સાંમને ઉભેલા હોયછે. **રાજગડ, તોરનાં** તથા **કાંનગેરીના** પાહાડો જ્યાંથી દેખાય છે. થંડીની મોહોસમમાં એ ઘણાજ

ખુલ્લા દેખાય છે, પણ ગરમીની મોહોસમમાં ધુમશના સબબ-ને લીધે તે બરાબર નજર પડતા નથી. ચોમાસાંની મોહો-સમમાં એ પાંઇટ ઉપરનો દેખાવ ઘણો દબદબા ભરેલો બલકે ભય ભરેલો બને છે. એ પાંઇટ પરથી ૨૦૦ ફીટ નીચે જવા બાદ એક પાણીનો ઝરો મલે છે.

"**એલફીનસટન પોંઇટ.**" આરઠર સીટથી પાછા ફ-રતાં નજદીક બે મૈલ આવીયા પછી "એલફીનસટન પોં-ઇટ" પર જવાય છે. એ નામ આનરેબલ માનશતુઅરટ એલફીનસટન ઉપરથી આપવામાં આવ્યું હતું. તે માહાબ-લેશ્વર બજારથી ૭ માઈલ દુર આવેલી છે. પેહેલવેહેલાં માહા-બલેશવર સેનીતેરીઅમ સ્થાપવા સારૂ એ પોંઇટને પસંદ કરવામાં આવી હતી, પણ પાણી નહી મલવાના નરને લીધે તે વીચાર માંડી વાલવો પડયો હતો. ખુદરતની ખરી પીછાંન આએ પોંઇટ પરથી થયા વગર રેહેતી નથી. આજુ બાજુની ટેકડીઓની ટેંચ કરતાં આએ ટેકડીની ટોંચ વધારે ઉંચી છે, અને ત્યાંના જેવા મનોરંજક તથા ખુશનુમાં દેખાવ બીજી કોઇ જગ્યા પરથી જોવામાં આવતો નથી. એની નીચે કોકન-નું મેદાંન પોતાના બોહોલા વીસતાર સાથે પડેલું છે. જમની બાજુ ઉપર ટેકડીઓ, કોઇ ઉંચી કોઇ નીચી જાણે એકમેક સાથે અતી મીત્રાચારી ભરેલી રીતે ગોયા કોતી કરી પડી હોય તેમ લાગે છે. પ્રતાબગઢનો કીલ્લો પોતાનાં પુર દમામ-માં એની સાંમે ઉભેલો છે જમની બાજુએ ચીતારાને લાયક ચીતારવા જોગ ખડકો પંથરાઈ રહેલા છે. તેવો જવાલામુંખી પરવત જેવા લાગે છે પણ તેમ નથી, અને જાંને એક ગંજા-

પર પાણીની રેલ તે પરથી ફરી જઇ તેના કટકે કટકા કરી નાંખ્યા હોય એમ લાગે છે. ઉપલી બંને પાંઈંટો જોવા સારૂં મુશકલ વખત રોકાએ છે, અને તેથી ઘણાં યુરોપીઅનો તથા બીજાઓ એ પાંઇંટ પર "પીકનીક" કરવા ઉતરી પડે છે. એ સારૂં એક નાંધલો બંગલો આર્થર પાંઇંટ પર ફરનીચર સામન સુધાં કંપલીટ બાંધેલો છે, જેની રોજની ચોકશ ફીઈ લેઇ માહાબલેશવરનો બજાર માસ્ટર તે વાપરવાની રજા આપે છે. એ બંગલો મુંબઈના શેહેરી શેઠ દાદાભાઈ હોરમસજી દુબાશે પોતાના ખરચે બાંધી આપવાથી એનું નામ માહાબલેશવરના સુપરીનતેનદનતે તેનાંજ લાકડાંના ખાંભલા ઉપર D. H. Dubash Saloon કરીને કોતરી રાખેલું છે.' એ પાંઇંટ આગળ વાઘની જરા ધાસ્તી રેહે છે, કારણ કે આજુબાજુ જંગલ જરા ચીકાર આવેલું છે. આર્થર પોંઈંટ પર જવાનો રસ્તો "માહાબલેશવર ગામડાં" સુધી ગાડીઓને લાએકનો છે, અને આગળ ચાલીઆ કે રસ્તો બરાબર નહી હોવાથી પુરતી સંભાળ રાખવાની જરૂર છે. ત્યાં મોજમજાહ કરવા જવું હોય તો કોઇ નોકરને આગમચથી મોકલી બંગલાની નજદીક એક ઝરો પાણીનો આવેલો છે તે જનાવરો પાણી પીતી વખતે ખરાબ નહી કરે તેની ઘણી સંભાળ રાખવી જોઇએ છે, નહી તો પીવાનું પાણી શોધીયું મળે નહી, અને તેથી બહુ હલાક થવું પડે છે. થંડીની મોસમમાં બંગલાની નજદીક ઝાડો આગળ ચુલા સલગાવતી વખતે ઘણી દેખરેખ રાખવી પડે છે. કારણ કે ઝાડો ઊપર જો મધમાખ પોતાનો મધનો પોરો કરી બેઠી હોય તો તે છેડાઈ એકદમ આપણી

ઉપર શેંકડો માખો ટોળાબંધ આવી હોમલો કરે છે જેથી ત્યાંથી નાસીયા સીવાએ બીજો મારગ રેહેતો નથી.

**"સીડની અથવા લાડવીક પોંઈટ."** હમોએ "માહાબલેશવરની તવારીખમાં" જણાવ્યા પ્રમાણે આએ પોંઈટને જેનરલ લાડવીકનાં માનને ખાતર પાછળથી "લાડવીક પોંઈટ" નામ આપવામાં આવ્યું હતું, કે જે સરદારે ૧૮૨૭ ના સાલમાં પેહેલવેહેલો પગ આએ ટેકડી પર પોતાનો મુકીઓ હતો. એ પાઈંટ બજારની પશ્ચિમે સુમારે ૩ માઈલ દૂર આવેલી છે, જ્યાં જવાનો ગાડી યા ઘોડાનો રસ્તો ઘણો સુંદર છે. એ પોઈંટ પર પોહોંચતાં જમની બાજુ પર એક નાંધલો પગ રસ્તો છે, જાહાંથી ગામના લોકો પગે ચાલતા ટુંકે રસ્તે પરતાબગઢ અથવા તેની આસપાસના "હરૂશી તથા જાવલી" નામના ગામડામાં જાએ છે. "લાડવીક પોંઇટ"થી બસો વારને છેટે આવી પુગતાં એક સ્થંભ તમારી નજરે પડે છે, જે સ્થંભ ૧૮૭૪માં જેનરલ લાડવીકના બેતાએ મુંબઇ સરકારની પરવાનગી મેળવી પોતાના પીતાની એક યાદદાસ્ત તરીકે પોતાને ખરચે ત્યાં ઊભો કીધેલો છે. એ સ્થંભની જમની બાજુ પર જનરલ લાડવીકનાં દોકાંનું પીકચર સંફદ મારબલનું બનાવેલું આપેલું છે, અને તે લોકો બગાડે નહી કરી તેને મજબુત તારની જાલીથી બંધ કરી લીધેલું છે. તેની દક્ષીણ બાજુએ નીચલો લેખ લખેલો છે.

In memory of
General Peter Lodwick Esq.,
S. Shoebury Essex.
who entered the Hon. E. I. Co.'s Service in

1799 and died at Bagneres de Bigorre, August 28, 1873.

Aged 90

Senior Officer of H. M.'s Forces in India.

એ સ્થંભની ઉતર બાજુએ "જનરલ લાડવીક" ની કીમતી નોકરીની તફસીલ આપેલી છે, જે પરથી માલમ પડેચ-જે ૧૮૦૩ ના સાલમાં "જનરલ વેલેસલી"ના હાથ તળે તે એક નાંધલો સરદાર હતો. સને ૧૮૧૭માં ખરકીની લડાઇમાં તે બ્રીગેડ મેજરનો હોધો ભોગવતો હતો જ્યારે માત્ર ૨૮૦૦ અંગ્રેજના સીપાહોએ પેશવાનાં લશકરને પરાજય આપી હતી. પુરંધર તથા બીજા કીલાઓ લેતી વખતે તે હાજર હતો. ત્યાર બાદ તે મુંબઈનો "તાઊન મેજર" થયો અને છેલો ઓધો સતારાના રેસીડેંટનો બજાવી હીંદુસ્તાનથી વીદાય થયો. એ પેહેલવેહેલો યુરોપીઅન હતો જેણે આએ ટેકડી પર પગ મુકી આંએ સેનીતેરીઅમ સ્થાપી મુંબઇ ઇલાકાનાં લોકો પર અમુલ્ય હેશાન કીધું છે. સ્થંભની ઉતર બાજુએ એક તકતી છે જે પર લખેલું છે જે, "સરકારની પરવાનગીથી આએ પોઇંટનું નામ "લાડવીક પોઇંટ" તેના માનને ખાતર આપ્યું છે, અને એ સ્થંભ તેના એક પુરા બેટા આર૦ ડબલીયુ૦ લાડવીક મદરાસનાં એકાઊનટંટ જેનરલે ૧૮૭૪ માં ઊભો કીધો છે."

ઊપલા સ્થંભની આગળ જરા ગયા કે તમારી નજરે એક સાંકડી જગ્યા માલમ પડશે, જેનો આકાર હાથીનાં માંથાં જેવો છે. એ માથાંની ઊપરથી નીચે દરીયાની સપાટી ૪૦૬૭ ફીટની છે. ત્યાં સંભાળથી પગે ચાલીને જવું પડે છે, કારણ

તે જગો પોહોળાઈમાં માત્ર પાંચ ફીટ છે અને બાજુએ ઉંડી ખાહીઓ **કોટીના** ખીંનની આવેલી છે. આએ માથાં પર બેસી તમો નીચેનો દેખાવ જુવો કે તમારૂં દીલ ખુશખુશ ને મધંન મધંન થયા વગર રેહેનાર નથી. તમારી બરાબર સામને ત્યાં પ્રતાબગઢનો કીલ્લો જોસો, તો તમારી જમની બાજુએ "ફીટઝેરલડ ઘાટ" નો કોતરી કાહાડેલો રસ્તો "સાપના" આકારમાં વાંકો તીકો નજરે પડશે. જરા દુર બોંબે પ્રોઈંટ, પાર ઘાત વીગેરે આવેલી છે અને ઘણું દુર નજર કીધાથી માલમ પડશે જે **સાવીતરી** નદી પોતાનો રસ્તો શાંતપણે દરીયાભણી લેતી જાય છે. આએ પોંઈટની જમની બાજુએ એક ખીંણ આવેલી છે જે એલફીનસતન પોંઈટને એનીથી જુદી પાડે છે.

**બોંમબે પોંઈંટ**—આએ પોંઇટનું નાંમ બોંમબે પોંઇટ આપવામાં આવેલું છે તેનો સબબ એ છે જે એ મુંબઇ જવાના જુના રસ્તા તરફ આવેલી છે. થંડીની મોહોસમમાં જ્યારે હવા તદન ખુલ્લી અને આશમાંન સાફ હોય છે તે વખતે આએ પોંઇટ પરથી દાસગામની ખારીનો દરીઓ ખુલ્લો નજરે પડે છે. એ પોંઈટ બજારની ફક્ત બે માઇલ દુર હોવાને લીધે વીઝીતરોને ચાલતાં અથવા ગાડીમાં ફરવા જવાનું ઘણું સવલ પડે છે. એની આજુબાજુનો દેખાવ ઘણો દીલપંસન છે. જમની બાજુએ "પ્રતાબગઢ" નો કીલ્લો. દખક્ષીણ બાજુએ "સેડલ બેક" અથવા ઘોડાનાં ઝીનનાં જેવા આકારની ટેકડી પુર દબદબાથી ઉભેલી તમારી નજરે પડે છે. ત્યાં જવાનો રસ્તો ઘણો ખરો ઝાડીથી ચીકાર છે અને

જમના હાથપરથી એક રસ્તો આવે છે, જે ગવરનર સાહેબના "બેલ્લા વીસ્તા" નામના બંગલામાં જાય છે.

**"કારનાક તથા ફ્રાકલંડ પાઇંટો."** આએ પાઇંટા કારનાક તથા ફ્રાકલંડ નામના બે ગવરનરો થઇ ગયા તેઓનાં નામથી ઓલખવામાં આવે છે. એ બંને બજારથી બે માઈલ અને "બોંમબે પોઈંટ"થી એક માઇલ દુર છે. ત્યાંના દેખાવોબી "બોમબે પોઇંટો" ને મળતાજ છે. ફ્રાકલંડ પાઈંટપર ગાડીઓ ઊભી રેહેવાની કુશાદે જગ્યા હોવાને લીધે લોકો ત્યાં ફરવા જવાનું વધારે પસંદ કરે છે. ત્યાંથી "સાડલબેક" ની ટેકડી વધારે ખુલ્લી દેખાય છે, અને સુર્ય અસ્ત પામતી વખતનો ખુબસુરત દેખાવ "બોમબે પોઈંટ" વચમાં આવવાને લીધે ઢંકાઈ જાય છે. "આર્થાંગતન પાઈંટ" ની ટોંચ ત્યાંથી ખુલ્લી નજરે પડે છે.

**"ધી ગલેડ"** ફ્રાકલંડ પોઈંટની નજદીક એક જગ્યા બનાવવામાં આવી છે જેમાં અંદરના અંદર ફરહર કરવાને બની આવે છે. તથા લોકો મોજમજાહ મારવા વારંવાર ત્યાં ઉતરી પડે છે. એમાં ઝાડો કાપી એકસરખા સાત રસ્તા બનાવ્યા છે, કે જેને માહાબલેશવરનાં વતનીઓ "ભુલ ભુલાવા" ને નામે ઓળખે છે કારણ ત્યાં ફરહર કરતાં ભુલાં પડવાનો સંભવ વધારે હોય છે. એ રસ્તાઓ ઊપર ગાડીઓ આશાનીથી ફરી શકે છે.

**સાસુન પાઈંટ.** આએ પાઈંટ "આર્થાંગટન પાઈંટ" પર જતાં જમના હાથ પર અરધે રસ્તે આવેલી છે. ત્યાં વીજીતરોને રમવા સારૂં ૬ "લાનટેનીશ" કોરટ બાંધેલી છે. આગળ એ પોઈંટ યુરોપીયનોની ઘણી માનીતી હતી, અને તેઓ

સંખ્યાબંધ ત્યાં સવારે અને સાંજે રમવા ઉતરી પડતા હતા, પણ હાલ એ રમતની જગયા બજારની પશ્ચિમ બાજુએ બીજી વધારે કુશાદે બાંધવાથી "સાસુન પોઇંટ" પર રમવા સારૂ જુજ લોકો જાવ આવ કરે છે. દુર "ફ્રાકલંડ પોઇંટ" પર નજર કરતાં ત્યાંથી એક ખીન દેખાય છે, જેમાંથી "એક રસ્તો" માલમ પડે છે. તે રસ્તાની જમની બાજુ પર ચીનાઓએ અસલ બનાવેલો બાગ હાલ બીશમાર હાલતમાં પડેલો છે, અને ડાબી બાજુએ એક પાણીનો ઝડો પસાર થાય છે જેને "ચાએનામેન ફૅાલ" કરી કહે છે, અને એ રસ્તો સીધો આવી "ઉડલોન" નામનાં બંગલા આગળ આવી "તાઇગ-રપાર્ટ" નામનાં રસ્તાને જોડઈ જાય છે. એ રસ્તા પર ઘોડા પર સવાર થઈ અથવા પગે ચાલી અથવા ટાંગામો ફરવા જવાઇ શકાય છે.

"બાબીંગટન પોઇંટ" બજારથી સુમારે બેં માઈલ દુર આવેલી છે. ત્યાં ખુદ બજારમાંથી પસાર થઈ જવું પડે છે. જમની બાજુએ જતાં જતાં "સાસુન પોઇંટ" મલે છે. આએ પોઇંટ પરથી "કોઈના"ની ખીન અને "સાડળ હીલ" નો સારો દેખાવ નજરે પડે છે. ત્યાંથી ડાબી બાજુ પરથી એક રસ્તો સીધો જઈ "સતારા રોડ" પર નીકળે છે, અને એ રસ્તેથી ગાડી જરા સંભાળથી લેઈ જવાની જરૂર છે. એ રસ્તેથી પસાર થતાં જમની બાજુ પર "બલુ વેલી" નામની ખીણ છે જેઆંનો દેખાવ હમેશ આશમાની રંગનો હોય છે.

"કેટસ પોઇંટ" આએ પોઇંટને માહાબલેશવરના વતનીઓ "નાખંદી" કરીને કહેછે. એ બજારથી ચાર માઈલ

દુર જુના પંચગનીના રસ્તા તરફ આવેલી છે એ પોઈંટ પરથી ખુદરતનો દેખાવ કાંઇ ઓરજ નજરે પડે છે. એ પાહાડની નીચે ખુદરતી એક ગોળ આરકાંની મીસાલે આરપાર ખુલ્લી જગયા છે, જેને અંગ્રેજોએ મશકેરી દાખલ "નીડલજ હેડ" અથવા સોએનાં નાકાંનું નામ આપેલું છે, પણ એ નાકાંમાથી આખો હાથી ચાલી જાએ એટલી મોહોતી જગયા આવેલી છે. એ પોઈંટની ટોંચ પર ઊભા રેહી નીચે નજર કરીએ છઇએ તો ખીનમાં કેટલાંએક ગામડાંનાં જુંફરાઓ આવેલાં છે જેઆં વસતા લોકો એ સોએનાં નાકાંવાલી જગા પરથી આશાનીથી જાવઆવ કરે છે. જો કે આપણને ત્યાં જવા આવવાની ઘણી સાહુચેતી રાખવાની જરૂર છે. બીજી પાઈંટો તરફથી જેમ કોકનનો દેખાવ દેખાએ છે તેમ આએ પોઈંટ પરથી "દખન" નું મેદાન પડેલું જોઇએ છઇએ. ત્યાંથી "કરીશના" નદી સાપના આકારમાં આડી અતારી ચાલી જાએ છે, અને આજુબાજુ ખેતીવાડીથી લીલોતરી દેખાએ છે. એ પોઈંટની સામને નજર કરો તો "કમાલઘડ" "પાનડવઘડ" અને "માનદર દેવા"ની ટેકડીઓ પુર દમામથી ઉભેલી તમોને દેખાશે. આએ પોઈંટ ઉપર ગાડીમાં આશાનીથી જવાઈ શકાય છે, અને એનું નામ સર જોન માલકમની બેટી "કેટ"ના નામ ઉપરથી આપવામાં આવ્યું છે.

"જનરલ બેકવીહની ઘોર" બજારની નજદીક એક ઊંચી જગ્યા ઉપર એક ઘોર આવેલી છે જેનો ઊચો મીનારો ઘણી ખરી બીજી જગાઓ ઉપરથી નજર પડે છે. એ ઘોર ઉપર એક તખતી મારેલી છે, જે ઉપરથી માલમ પડે છે જે

૧૮૩૧ના સાલમાં લફટનંટ જનરલ સર થામસ સીડની બેકવીઠ કે. સી. બી. મુંબઈના ગવરનર અને કમાનડર ઈન ચીફ માહાબલેશવરમાં મરણ પામયા હતા. ઉમર વરસ ૬૦ તેમની યાદગારીમાં મરનારના મીતરોએ એ મીનારો ઉભો કીધો હતો, જે મીનારો ઉઘરાણું કરી રૂ૩૦૦૦ મેલવી ઉભો કરવામાં આવ્યો હતો. આએ શુરો સરદાર બેકવીઠ અંગ્રેજી લશકરમાં એક બહાદુર અમલદાર થઇ ગયો છે, જેણે ઘણી લડાઇઓ જોઈ હતી. લેડી બેકવીઠે બીજી તખતી મોકલી આપી હતી, જે એ મીનારાની બીજી બાજુએ જડેલી છે. પણ હાલમાં એ તખતીઓ બીગડી ગઇ છે અને તેની ઉપરના લેખો મુશકેલીથી વંચાઇ શકાય છે.

**સીપકા પાસ**—આએ પાસ રૂશીઆ તથા તરકી સાથની લડાઇમાં શુલેમાંન પાશાએ જે રૂશીઅનોને હઠાવી "સીપકા પાસ" નો કબજો પોતાને હસતક લાંબી મુદત સુધી રાખ્યો હતો પણ અંતે રૂશીઅન શુનું ફાવવેથી તેવો લાંચને વસ થાઇ "સીપકા પાસ રૂશીઆને તાબે થાઈ તાહાંથી રૂશીઅન લશકર ફતેહમુંદી સાથે ઉતરયું હતું તે પ્રખીઆત જગોનું નામ એ પાસ ડાકટર મેકેનજીના વખતમાં કોતરવામાં આવી હતી તે ઉપરથી એનું નામ "સીપકા પાસ" તેઓએ આપ્યું હતું. એની જમની બાજુએ એક ટેકડી આવેલી છે, જયાં આગલ મોસમની અંદર ટોપ ફોડવામાં આવતી હતી પણ હાલમાં તે ટેકડી ઉપર સુંદર ત્રણ બંગલાઓ "નોનપરેલ વુ," "મીનીએચર વીલા" તથા "કરેગ હાલ" બાંધવામાં આવ્યા છે, જેથી દેખાવ ઘ-

ણો શોભાયમન થઇ પડયો છે. એ ટેકડી ઉપરથી આજુબા-
જુને। દેખાવ ઘણો દીલપસંદ દેખાય છે. જમણી બાજુ ઉપર
"એલફીનસટન" સામણે "સીડની" અને પ્રતાબગઢને। કીલ્લો
તેમજ "શાવીતરી નદી" અને મહાડની ખાડી ખુલી તમારી
નજરે પડે છે. એની ઉગમણે તલાવ આવેલો છે, અને પુણા-
ને। રસતો માહાબલેશવરમાં દાખલ થતો ખુલો દેખાય છે.

# પ્રતાબગઢ.

માહાબલેશવ્ર આવનારા પરોણાઓએ "પ્રતાબગઢ" ની ભેટ લીધા વગર રહેવું નહી એવી અમારી ભલામણ છે. એ જગ્યા તવારીખથી ભરપુર છે. આગલા વખતમાં શીવાજી જેવા એક ધાટી સરદારે દખણમાં આવા આવા કીલ્લાઓ કેમ બાંધયા હશે તથા રસ્તાઓ કયાંથી શોધી કહાડયા હશે તે જયારે વીચારયે છીયે ત્યારે આપણી અકલ કામ કરતી નથી. **પ્રતાબગઢ** કીલ્લાની યોજના સને ૧૬૫૬ના સાલમાં **શીવાજીએ** પોતે રચી હતી, અને તે યોજના પ્રમાણે **મોરો ત્રીંમલ પીંગલેએ** બાંધી તઇયાર કીધો હતો. **શીવાજી** જે મરાઠા રાજનો સ્થાપનાર હતો તેની એ બેઠક હતી અને એજ જગા ઉપર બીજાપુર ફોજના સરદાર **અફઝુલખાનને** રીતુરથી શીવાજીએ મારી નાંખ્યો હતો. ઘણાં વરસો સુધી **શીવાજીને** ભરાઇ બેસવાની એ મુખ્ય જગ્યા હતી, પણ હાલમાં જમાનાની ગીરદેશીને લીધે એ જગ્યા ઘણીખરી નાશ પામેલી છે. **શીવાજીની** દેવી "ભવાની"નું દેવલ હજુર એ કીલ્લામાં મોજુદ છે, જે દેવલ શીવાજીએ ૧૬૬૧ના સાલમાં પ્રતાબગઢના કીલ્લા ઉપર ધામધુમથી બાંધયું હતું. **શીવાજી** પોતાની દેવી ભવાની માતાનો પુંજારી હતો એ ભવાની માતાનું દેવલ તુલજાપુરમાં આવેલું છે. જયાં શીવાજી વારંવાર જાવઆવ કરતો હતો, પણ ૧૬૬૧ના ચોમાસામાં તેનીથી **તુળજાપુર** નહી જઇ શકાવાને લીધે તેણે એ દેવી સારૂ એક દેવલ એ કીલ્લા પર ઉપર લખ્યા

પ્રમાણે બાંધયું હતું, અને કીલ્લાની બાહેર જયાં અફ્‌ઝુલખાનનું ડોકું ડાટવામાં આવ્યું છે તે જગો પણ સાચવી રાખવામાં આવેલી છે. અંગ્રેજ સરકારની મેહેરબાનીથી પ્રતાબગઢ ઉપર જવાનો એક સુંદર રસ્તો બનાવેલો છે. માહાબલેશવરથી તે પ્રતાબગઢ સુધીનો રસ્તો પાહાડની બાજુએથી પકો બાંધી લીધો છે, અને ત્યાં એક "મુસાફર બંગલો" કુસાદે સરકારે બાંધેલો છે, જયાં તમોને ઉતરવાને તથા આખો દીવસ મજાહ કરવાને બની શકે છે. આએ મુસાફર બંગલામાં થોરો વાર વીસામો લીધા બાદ "ખુરશી" ઉપર સવાર થઈ તે ચાર યા છ બેગારીઓની ખાંધ ઉપર ઊંચકાવીને કીલ્લા ઉપર જવાય છે. એ ખુરશી ત્યાંનો "મેસમેન"ને આગલથી જણાવ્યાથી તઇયાર કરી રાખે છે. જેવો ચાલવાને શકતીવાલા હોય છે તેવો પગે ચાલીને પણ ઉપર જાય છે. ઉપર ચઢવાનો રસ્તો ઘણો બીકટ હોવાને લીધે પુરતી સંભાલ દરેક રીતે રાખવી જરૂરની છે. અંગ્રેજ સરકારની ઉદારતાનો દાખલો એટલોજ બસ થશે, જે શીવાજીની દેવી "ભવાની"ના દેવલની દર વરસ મરામત કરવાને તથા ખરચ પુરો પાડવાને રૂપયા ૩૪૦૦ની આવકના નજદીક ૧૫ ગામડાંઓ સરકારે આપેલાં છે. ત્યાં દેવીના પુંજારીઓને રહેવાનાં ઝુંપડાંઓ ચોકસ જગ્યા ઉપર આવેલાં છે, જયાં નજદીક ૫૦ માણસો વસે છે. એ કીલ્લા ઉપર પીવાનું પાણી ઘણું નીરમલ મલે છે. એ કીલ્લા ઉપરથી પશ્ચિમ તરફ એક ચોકસ જગ્યા ઉપર ઉભા રહી નીચેની ખીણમાં એક મોટો પથર ગબરાવો તો તે પથર એક રબરના દરાની માફક પુશકલ વખત નીચેથી ઊપર, અને

ઊપરથી નીચે જ્યાં સુધી તેની બારીક કરચેકરચ થાય છે ત્યાં સુધી તે ઊછરીઆ કરેછે. એ દેખાવ ઘણોજ જો કે ભયંકર છે, પણ તે ખુદરતની ખુબીનો ખરો ખેયાલ આપનારો છે અને તે જરૂર અજમાવી જોવાને હમો દરેક ત્યાં જનારા સાહેબોને ભલામણ કરીએ છઈએ. એ પ્રતાબગઢનો કીલ્લો દરીયાની સપાટીથી સુમારે ૩૫૦૦ ફીટ ઊંચો આવેલો છે હ્યાં માહાબલેશવરથી **ફીટજેરલ્ડ પાસને** રસ્તેથી જવાય છે. કે જે રસ્તો એક સાંપની વલાંન માફક વાંકોતીકો કાપેલો છે જે ઉતરવાને નજદીક એક કલાક અને ચહડવાને બે કલાક લાગે છે.

આએ **પ્રતાબગઢની** ટેકરીનો હેવાલ આપતાં તેને લગતી કેટલીએક તવારીખ મારા લાયકીવાલા મીત્ર ભાઈ જાહાંગીર બેહેરામજી મરઝબાનની રસીલી કલમથી લખાયલી "તારાબાઈ" નામની કીતાબમાંથી નીચે ઉતારી લેવુંછું, જે મારા કદરદાંન વાંચનારાઓને ખચીત આવકારદાયક થઇ પડશે.

"મારા આ પુસ્તક વાંચનારમાંથી કોઇ એવું તો ન હશે, કે જેણે માહાબલેશવરનું નામ સાંભલ્યું ન હોય. હાલ તો શોભાયમાન બંગલા અને પાકા રસ્તાઓથી આ રમણીય ટેકડી હલમલી રહી છે, અને શેઠીયાઓને શીતલ હવા ખાવાનું મુખ્ય મથક થઈ પડયું છે. પણ શીવાજીના વખતમાં તો માહાબલેશવરની ટેકરી ઊપર થોડાક બ્રાહ્મણો પડયા પાંથર્યા રેહેતા હતા અને વેરાનં શિવાય બીજું કાંઇ ન હતું.

"આ વેરાન ટેકરીની પશ્ચિમે **પ્રતાબગઢની** ટેકડી દીસે છે. તેની ઢાલ એવી તો સખ્ત છે, કે ત્યાં મરાઠા લડવૈયાઓ પોતાના

કામ અર્થે આવીને મોટાં લશ્કર સાથે છુપઈ બેસ્તા હતા. ત્યાં મીઠાં પાણીના ઝરા ઘણા અને ચારો પણ બહુ, એટલે થોડાં માણસે પોતાનું બચાવ કરવાનું ત્યાં ઠીક પડતું. પાછળથી મ-રાઠાઓએ તથા મુસલમાન લડવૈયાઓએ આસ્તે આસ્તે ગઢ તથા કિલ્લેબંદી વધારી આ પ્રતાબગઢનો કીલ્લો એવો બના-વ્યો, કે સાધારણ દુશમનથી તો ઉપર જવાયજ નહી.

"આ ભયાનક કિલ્લામાં શિવાજી મહારાજ પડયો હ-તો. બીજાપુરનાં રાજ્યમાં સઘલો મામલો બગડી ગએલો જોઈ તથા દીલ્લીના શેહેનશાહનાં ચઢી આવવાની મતલબ પામી જઈ શિવાજીએ નિશ્ચય કર્યો હતો કે, બીજાપુરને ઉલ-થાપ આપી તેના કબજામાંથી છટકી જવું, અને દખનમાં મરા-ઠાઓનું મોટું રાજય સ્થાપવું.

"પેહેલાં બસેં ત્રણસેં માણસોથી તે રમત કરતો, પણ પા-છળથી તેનું લશકર વધીને હજારોથી ગણાવા લાગ્યું.

"દખણનાં ઊંચા પાહાડો ઊપર તે ધીમે ધામે કિલ્લેબંધી કરવા લાગ્યો, અને ગોઆના ફીરંગીઓ પાસેથી છુપાછુપ તોપો વેચાતી લઇ ત્યાં ગોઠવવા લાગ્યો. મોરો ત્રીંમલ જેવા તેના મદદગારો ઘણા હતા, જેઓ દેશેદેશ ફરી ધર્મને બાહાને હીંદુ-ઓને ઉસ્કેરતા.

"અફઝુલખાન અને શિવાજી વચ્ચે મુલાકાત શી રીતે ક-રાવવી તેનો સઘલો બંદોબસ્ત તેમના આડતીયાઓએ કરી મુકયો હતો. પેહેલાં તો આએ બાબદ ઘણી ભાંજગડ ઊઠી હતી કે પેહેલાં મલવા કોણ જાએ. શિવાજીના આડતીયાએ વાંધો ઉઠાવ્યો કે, શિવાજી તો માહારાજ એટલે તેનાથી પેહેલાં અવાય

નહી. ત્યારે અફ્ઝુલખાન તરફથી ઉત્તર વાલ્યો કે એ સરદાર તો શાહ આદીલનો ખાસ મુકરર કરેલો એટલે તેનાંથી અવાય નહી.

"સેવટે રાજી ખુશીથી એવું ઠરાવયું કે પ્રતાબગઢના કિલ્લાથી થોડેક આંઘે નાહાની જગામાં શિવાજીએ માંડવો બંધાવ્યો હતો, ત્યાં બંનેએ મલવું. કોઇએ કાંઇ પણ લશકર લાવવું નહી. બેહુ જણે માત્ર પોતાની સાથે એકેકો હથીઆરબંધ સિપાઈ લાવવો.

"શિવાજી અને સરદાર બંન્ને સામસામા મલ્યા.

"અફ્ઝુલખાન આગલ જઇ બોલ્યો "ભલે પધાર્યા રાજા સાહેબ આપણી વચ્ચે કાંઈ પણ અંતરની હવે જરૂર નથી. આપણી મીત્રાચારીના દાખલા તરીકે લેઓ આ હું તમને ભેટું છું."

"આમ બોલી આલીંગન કરવા સારૂં અફ્ઝુલખાને બન્ને હાથ પોહોલા કીધા. શિવાજી ભેટયો અને લાગ જોઈ પોતાનાં નખે બાંધેલા વાઘના પંજા ખાનનાં પેટમાં ભોકી દીધા, અને તરતજ બીજે હાથે કટાર ખેંચી કાઢી તેની છાતીમાં મારી !

"આ પ્રાણઘાતક જખમો લાગતાંજ અફ્ઝુલખાન ઢીલો પડી ગયો, અને એક હાથ જખમ ઉપર દાબી બીજે હાથે પોતાની તલવાર ઉગામી "કાફરના જણેલા" એમ બોલી શિવાજી ઉપર ધસ્યો. અફસોસ ! અફસોસ ! સખ્ત જખમી થએલો એક પુરૂષ છુપાવેલાં લોઢાના બખતર ઉપર શું કરી શકે ?

"અફ્ઝુલખાન તમ્મર ખાઇ ડોલતો હતો. તેના ઊપર શિવાજી ઉપરાસાપરી તલવારનાં કારી જખમ લગાવતો, અને "હર હર માહાદેવ!" કરી ચીસો પાડતો. થોડાજ વારમાં અફ્ઝુલખાનના હાથમાંથી તલવાર પડી ગઈ, અને જમીન ઉપર પડી જઇ "યા અલ્લાહા!" બોલી પોતાનો જાન પોતાના કિરતારના સ્વાધીનમાં આપી દીધો."

આજેબી પ્રતાબગઢના રહીશો ઊપલી સર્વે બાબતોને ટેકો આપે છે, અને કહેછે જે શિવાજીનો વિચાર અફ્ઝુલખાન જે બીજાપુરનાં શાહાનો સરદાર હતો, તેને મારવાનો નહી હતો. પણ શિવાજીની માતા જે "ભવાની માતા"ની પુજારી હતી તેણે પોતાના દીકરા ઉપર ગુસ્સે થઇ તેનો એ વિચાર ફેરવવાને ફરજ પાડી હતી, કારણ "ભવાની માતા"ના દેવલનો તથા તેની અંદરની મુરતીનો નાશ કરનાર અફ્ઝુલખાન હતો એમ શિવાજીની માતા સમજતી હતી.

---

મકરાનગઢ—આએ ટેકડીની ઊંચાઇ દરીઆની સપાતીથી ૪૦૫૪ ફીટની છે એને અંગ્રેજીમાં "સેડલ બેક" ને નામે ઓલખે છે, કારણ ટોંચનો આકાર ઘણોખરો ઘોડાના જીનના જેવો દેખાએ છે. તે બજારથી સુમારે ૭ માઈલ દુર આવેલી છે, અને ત્યાં "બાબીંગટન પાઈંટ" આગલથી સેહેલાઇથી જવાઇ શકાએ છે. એ ટેકડી ઉપર આગલ શીવાજીએ એક કીલ્લો બાંધીઓ હતો, જે હાલમાં બીશમાર હાલતમાં પડેલો છે. આજુબાજુની દેવાલો પડી ગઇ છે, અને હાલ એ જગ્યા ઘણીખરી વેરાન થઈ પડી છે. ઝાડો ઘણાં ગીચ આવેલાં છે. એની

દક્ષીણ ઉગમનની બાજુની ટોંચ પર એક મીઠાં પાણીનો ઝરો આવેલો છે, જે પાણી પીવામાં સ્વચ્છ છે. એવું કેહેવામાં આવે છે જે **શીવાજીએ** જયારે દખન તથા કોકનમાં ટેકડીઓ ઉપર પોતાના બચાવ સારૂં કેહેવો, કે ભરાઈ બેસવા કેહેવો, કીલ્લાઓ બાંધીઆ હતા તેજ વખતે આએ ટેકડી ઉપરથી સને ૧૬૫૬માં એ કીલ્લો બાંધવો જોઇએ. એ કીલ્લો કાંઈ ઘણો કામ આવતો નહીં હતો, કારણ બધા રસ્તાઓ ખુલ્લા એ પરથી શીવાજીને નજરે પડત નહી હતા; પણ "**વસોતા**" અને "**પ્રતાબગઢ**" ની વચમાં વારંવાર મુકામ કરવાને તેહેને સવલ પડતું હતું. ઠંડીની મોસમમાં કોકન તથા દરીયાનો દુરનો દેખાવ એ ટેકડી ઉપરથી ઘણો દીલપસંદ થઇ પડેછે. એની ઉપર ચહડવાનો રસ્તો ઉભો તથા બરાબર નથી, વાસ્તે સાધારણ ચાલનારા માણસોથી ઉપર જવાનું મુશકેલ છે. માહાબલેશવરની ટેકડીથી તે સુમારે ૬૫૦ ફીટ નીચાનમાં આવેલી છે, અને ત્યાં જવા સારૂ દસથી બાર માઇલનો રસ્તો કાપવો પડે છે, અને સુમારે ૧૮૦૦ ફીટ નીચે "**કોઈના**" ની ખીંનમાં ઉતરી "**દેવલા**" ગામડાં પરથી થઇ "**કોઈના**" નદી પસાર કરી "**સોનાસપુર**" ગામડું જે દક્ષીણ ઉતર તરફ ટેકડીની નીચે આવેલું છે, ત્યાં પોહોંચી ત્યાં જરા વીસામો લઈ ઉપર ચહડવું પડે છે. આ ટેકડીનો દેખાવ "સાસુન" અથવા "બાર્બીંગટન" પાંઇટો પરથી ઘણો ખુશનુમાં લાગે છે, અને એની ઉપર ફકત પગે ચાલીનેજ જવાએ છે.

---

**કમાલગઢ** આએ ટેકડી બજારથી સુમારે ૭ માઈલ દુર 'કેટસ' પોંઇંટની ઉતરે છે અને દરીઆની સપાટીથી ઊંચાઈ

૪૫૧૧ ફીટની કહેવાએ છે. માહાબલેશ્વરથી ગાડીમાં યા ઘોડા ઊપર "કેટસ પોંઈટ" સુધી જઈ ત્યાર બાદ પગે ચાલી નીચે ખીંનમાં ઊતરવું પડે છે, અને વાઈગામ જમના હાથ પર છોડી ક્રીશના નદી પસાર કરી પાછું દાબા હાથ પર બે નાંખલાં ગાંમડાંઓ મુંકીને પછી એ ટેકડી ઊપર ચહડવાનો રસ્તો આવે છે. એ ટેકડી ઊપર અસલ એક કીલ્લો હોવો જોઈએ. એની ઉપરની ટોંચ સપાટ છે અને ત્રણથી ચાર એકરના ઘેરાવાની છે. આગળ એની ઊપર એક ભાધરમાંથી ઉપર જવાતું હતું, પણ હાલમાં તે ભાધર પુરાઇ જઈ તે રસ્તો બંધ થઈ ગયો છે, અને હાલમાં ત્યાં ઉપર આજુબાજુ ઊતર ચહડ પગતી પરથી મુશકેલીથી જવાય છે. એ ટેકડી ઊંપર કાંઇબી ઝુંપડાંઓ વીગેરેની નીશાની માલમ પડતી નથી. હાલમાં ત્યાં કોઇ વસ્તું નથી. તે જગો એક મોટું જંગલ છે. ત્યાં એક મોહોટું ભોક માલમ પડે છે, જે ઘણું કરી આગલ કુવો હોવો જોઇએ. જે હાલમાં પુરાઈ જઇ ફકત ૧૮ થી ૨૦ ફીટ ઊંડો રહેલો છે એની આજુબાજુ ઊંડી ખાહીઓ આવેલી હતી, પણ તે હાલમાં નજર પડતી નથી. ગોરકનાથનું દેવલ એ ટેકડીની ઉતરે આવેલું છે. અંગ્રેંજો વારંવાર ત્યાં શેકારધાએ જાય છે, કારણ જંગલમાંથી પુશકલ જંગલી ડુકરો, હરન,, સસલાં વગેરે જનાવરો મલી આવે છે.

---

"**શીનશીન ધાળ**" અથવા ચોરોનો ગોફો. આ ગોફો બજારની દક્ષીન ઉગમન બાજુ પર ચાર માઇલ દુર આવેલો છે. જયાં "બાબીંગટન પોંઈટ."ના દાબા હાથના રસ્તા પરથી

સુમારે એક માઈલ દુર ઘોડા પર યા ગાડીમાં જવાય છે. અને ત્યાર પછી એક પગથી પરથી ચાલી જઇ ખોલાં મેદાનમાં અવાએ છે, કે જેની એક બાજુએ આએ ગોફા આવેલો છે. એને વીશે તરેહવાર કથાઓ છે. કોઈ કેહેચ જે આગળા જમાનામાં એ રાક્ષસ લોકોનું રેહેઠાણુ હતું, કોઇ કેહેચ જે રીષી લોકોએ પોતાનાં દેવલ સારૂં બનાવ્યો હતો. કેટલાકો કેહેચ જે ધાવડ લોકોએ એને લોખંડની માતી મેલવવા સારૂં ખોદીઓ હતો—પણ ખરી વાત બરાબર જણાઇ નથી. આએ ગોફામાં દાખલ થવાનો રસ્તો ૧૦ ફીટ પોહળો અને ૧૫૦ ફીટ ઊંડો છે, અને એક માણસ આશાનીથી અંદર ચાલી શકે તેટલો ઊંચો છે. આગળ એ ૫૦૦ ફીટની ઉપર ઊંડાનમાં હતો, હાલમાં ત્યાં ઝાડી ઘણી ગીચ આવેલી છે, અને ગોફામાં જંગલી જનાવરો વાઘ વગેરેની ધાસતી હોવાને લીધે લોકો જાવઆવ કરી શકતાં નથી.

---

**ચંનદ્દા**—બજારથી પાંચ માઇલ દુર **પ્રતાબગઢ** જવાના રસ્તા તરફ આવેલું છે. ઘાં જંગલ ઘણું ચીકાર હોય છે. અને વાઘ વગેરે જંગલી જનાવરો ઘણાં છે. અંગ્રેજ લોકો વારંવાર શેકાર કરવા એ બાજુએ ઉતરી પડે છે.

---

“**હુતોનડી ધાલ**” નામનો બીજો ગોફો **સીંડોળા** તરફથી “કેટસ પોંઈટ” પર જતાં રસ્તા પર આવેલો છે. એ ગોફાની અંદર આગલ ચોર લોકો ભરાઈ બેસતા હતા એમ કહે છે, પણ એ ગોફો જરા વસ્તીમાં આવવાથી લોકો ત્યાં ફરહર કરી શકે છે.

# વાટર ફોલ અથવા પાણીના ધભધભા.

---

માહાબલેશવરમાં મુખ્ય કરી "વાટર ફોલ" અથવા પાણીનાં ધભધભા જે ત્રણ આવેલા છે, તે થંડીની મોસમમાં જોવાલાયક છે. ગરમીની મોસમમાં પાણી સુકાઈ જઈ એ ધોતો ઘણું ઝીણુ પાહાડ પરથી નીચે પડે છે.

**યેના ફોલ**—આએ ધભધભો લીંગમલા નજદીક સીંકોનાં પલાનટેશનની નજદીકમાં આવેલો છે. ત્યાં બે રસ્તેથી જવાઇ શકાય છે. એક પુણાનો રસ્તો અને બીજો સતારાનો રસ્તો છે. ગાડીઓ એ જગાની નજદીક જઇ શકતી નથી, કારણ રસ્તો પાહાડની કીનારી પરથી ચાલીને જવાનો છે. એ ધભધભો તથા નીચે યેનાં નદીનો દેખાવ તમો કોઈબી ઉપરની ટેકડી ઉપર ઉભા રહીને જુવો તો તમારૂં દીલ ખુશ ખુશ થયા વગર રેહેશે નહી. નીચેની ખીનમાં ગામડાંઓ આવેલાં છે જેમાંનાં ઝુપ્ડાંઓ ઘણાં નાનકડાં લાગે છે. અને ત્યાંનાં બીચારા ગરીબ વતનીઓ ખેતીવાડી કરી પોતાનું ગુજરાન કર્યો જાય છે. એટલુંજ નહી પણ માંથા ઉપર લાકડાંના ભારી બોજાઓ લેઈ નીચેની ખીનમાંથી પાહાડની કધને કધન ચાલી તેઓ ઉપર આવે છે. જે જોતાંને વાર તેઓની હીમત પર આફ્રીન કર્યા વગર રેહેવાતું નથી. જ્યારે એ ધભધભાનું પાણી જોરમાં નીચે પડે છે ત્યારે તેનો અવાજ દુર સુધી આપણા કાણે પડે છે. ખચીત આએ

જગ્યા જોયા વગર હવા ખાવા જનારા સાહેબોએ રેહેવું નહી. ત્યાંનો દેખાવજ ઘણો મનોરંજક છે જેને એક અછો ચીતારોજ ઇનસાફ પુરતો આપી શકે. એ ધભધભાની આગળ ચાલ્યા કે થોરો દુર **લીંગમળા** આગળ સરકારી બંગલો આવેલો છે જે વીશે હમો **સાનકોનાં પલાનટેશનની** બાબદમાં બોલી ગયા છીયે.

**ધોબીસ ફ્રોલ**—બીજો જોવાલાયક ધભધભો એલફીન્સ્તન પોઇંટની ખીનની દક્ષીણુ બાજુએ આવેલો છે. જેને "ધોબી ફ્રોલ" નામ આપવામાં આવેલું છે, કારણુ ત્યાંના પાણીનો ઊપયોગ ધોબીઓ કપડાં ધોવાના કામમાં વાપરે છે. એ ધંભધભો એક ખુનામાં આવી ગયેલો છે, અને ત્યાં જવાનો રસ્તો જો કે સારો છે તોબી પગે ચાલી યા ઘોડા પર સ્વાર થઇને જવું વધારે સલામત ભરેલું છે. ત્યાંનો દેખાવ ઘણો ખુશનુમાં નથી, પણુ તમો જો એ ધભધભાનાં મુખ આગળ નીચે ખીનમાં ઊભા રહી આજુબાજુ નજર કરો તો તમારી સાંબે પાહાડની ટેકડીઓ પુર દમામમાં પડેલી હોય એમ માલમ પડશે. એ ધભધભા પર જવાનો રસ્તો "માહાબલેશવર રોડ" પરથી જતાં "લીલી કાટેજ" નામનો બંગલો છોડી દાબા હાથ પર આવેલો છે. એ રસ્તો સીધો સીડની પાંઇટનાં રસ્તાને આવી ઉપર મલે છે.

**"ચાઇનામેન ફ્રોલ"** આએ ધભધભો સાસુન અને ફ્રાકલંડ પાઇંટોની ખીનમાં આવેલો છે. જ્યાં આગલ ચીનાઓ બાગબાંની વગેરે કરતા હતા અને જે પરથી એનું નામ "ચાઈનામેન ફ્રોલ" કરી આપવામાં આવ્યું છે. એ ધભધભો ઘણો નાંધલો અને દમ વગરનો માલમ પડે છે.

# વસ્તી.

સને ૧૮૮૧ ના સાલમાં વસ્તીની ગણત્રી લેવાઇ હતી, તે વખ્તે માહાબલેશવરમાં જાથુક રેહેનારાઓ સુમારે ૩૫૦૦) માણુસો હતાં, જેમાં મુખ્ય કોલી, કુલવાડી, ધનગર અને ધાવડની જાતવાલા હતા. એ ચાર જાતના માણુસોની રીતભાત તથા બોલીઓ પણ જુદી છે. **કોલીઓ** જરા ચબરાક મજબુત બાંધાના અને પોહોલી છાતીનાં છે, અને તે લોકો પોતાનો નીરવાહ શેકાર કરી અથવા માછલી મારી કરેછે. **કુલવાડી** ઓબી દેખાવમાં મજબુત હોય છે, અને પોતાનો વખ્ત ખેતીવાડી કરવામાં કામે લગાડે છે. **ધનગર** લોકો નરમ સ્વભાવના તથા નબલા બાંધાના હોય છે. જેઓ ગાય ઢોર ચરાવવાનો ધંધો કરે છે. તેઓ બકરાં અથવા મેંઢાં રાખતા નથી, કારણુ માહાબલેશવરના ભારે વરસાદમાં તે જીવી શક્તાં નથી. અગરજો કોઇ ધનગર પાસે પોતાના બે ઢોરો નહી હોય તો તે તેને ઘણી હીનસપતી ભરેલી વાત સમજે છે, પણ જો ધનગર પાસે પોતાની બે ગાય અથવા ભેંશો હોય તો તે પૈસાવાલો કેહેવાય છે, અને તેની સાથે લગનનો ગાંઠ બાંધવાને માન સમજે છે. **ધાવડ** લોકો સતારા ડીસ્ત્રીકટનાં કરાડ ગામથી નજદીક ૭૫ વરસની વાત પર આવેલા માલમ પડેછે. એઓ આગળ લોખંડ બનાવવાનો ધંધો કરતા હતા, પણુ સરકારે તે બંધ કીધાથી પરચુટન કામ ધંધો કરી પોતાનું ગુજરાન કરે છે. તેઓ ઘણું મેહેનતુ કદાવર ને

ઊંચા હોય છે, અને મુસલમાન ધરમ પાલનારા હોય છે. એ ત્રણધો જાતની બોલીઓ મરાઠી હોય છે, અને ઉચ્ચાર બોલાતો ખરાબ હોય છે જે ઘણી વખ્તે તેઓની બોલી આપણે સમજી શકતા નથી. ધાવડ લોકોને વાસ્તે એવું કેહેવામાં આવે છે જે તેઓ અસલ "અફ્ઝુલખાન" નામનો દીલીનાં મોગલવાલાઓનો એક સુબો પોતાનું લશકર લેઈ બીજાપુરથી શીવાજી સાથે લડવા સારૂં **પ્રતાબગઢ** આગળ આવ્યો ત્યારે તેઓ તેનાં લશકરનાં સીપાહો હતા, પણ શીવાજીએ રીતુરીથી અફ્ઝુલખાનને એક મેહેલમાં બોલાવી કોતી કરવાને બાહાને પોતાનાં હાથમાં છુપી રીતે વાઘનાં નખ પેહેરી રાખ્યાં હતાં તે વડે તેનું પેટાખાનું ચીરી નાંખી તેને મારી નાંખ્યો, અને જ્યારે અફ્ઝુલખાનનાં સીપાઇઓ પોતાનાં સરદારને આએ પ્રમાણે મારી નાખેલો જોયો ત્યારે તેઓ પાહાડની કઢંનોમાં ભરાઇ અને છુપાઇ બેઠા. તે સીપાઇઓનો આએ ધાવડો વંશવેલોછે એમ સંભલાએ છે.

# ચી ના એ ા.

ચીનાં કેદીઓ વીશે એવું કેહવામાં આવે છે જે જ્યારે તેઓને અંગ્રેજ સરકાર મુંબઈ ઈલાકામાં લેઈ આવ્યા ત્યારે તેઓને પુણાં તથા થાનાની તુરંગમાં રાખવામાં આવ્યા હતા. પણ એ બંને જગ્યાની હવા તેઓને માફક નહીં આવ્યાથી માહાબલેશવરમાં એક તુરંગ બાંધી તેઓને ત્યાં લેઇ જવામાં આવ્યા—હાલમાં જે જગ્યા ઉપર ઈજનેર ખાતાંનો દફતર આવેલો છે તે જગ્યા પર એ તુરંગ હતી. તુરંગના જુદા જુદા અમલદારોના રીપોરટો પરથી માલમ પડેચ જે એ ચીનાં કેદીઓ જો કે મોટા ગુણાઓ જેવાકે ખુન, લુટફાંટ, ચોરી વીગેરે વાંકો સારૂં જન્મ ટેપની સીક્ષા પામેલા હતા, તોય પણ તુરંગમાં તેઓ કશી મેહેનત લાગતા વલગતાઓને આપતા ન હતા. સહવારનાં ૮ કલાકથી તે સાંજના ૪ કલાક સુધી સરકારી કામ પર તેઓને લેઇ જવામાં આવતા હતા. એમાંથી થોડા ચીનાઓને રાતનાં તુરંગમાં બંધ કરવામાં આવતા હતા, અને બીજાઓને અંદર છુટા મુકવામાં આવતા હતા. ફરશુદની વખ્તે બજારમાં જઇ પોતપોતાનો ખોરાક ખરીદ કરી લઃવવાની પાછળથી તેઓને છુટ આપવામાં આવી હતી. કેટલાએક કેદીઓ સારી ચાલચલનના માલમ પડવાથી તેઓને છુટાપણું બખશી પાહાડની આજુબાજુએ ખેતીવાડી કરવાની પરવાનગી આપવામાં આવી હતી, અને "પપેતા" તથા બીજી ઉમદા તરકારીઓ બનાવી તેઓને વેચવા દેવામાં આવ-

તા હતા, પણ ચીનાં કેદીઓના મોટા ભાગ પાસે સર્વે નવા રસ્તાઓ બાંધવાનું કામ કરાવવામાં આવતું હતું તથા કમીશરી ખાતાંને "આરારૂત" બનાવી પુરા પાડવા સારૂં કામે લગાડતા હતા. માહાબલેશવરનાં સર્વે બગીચાઓ સુધારવાનું માન એ ચીનાઓને ઘટે છે. ત્યાનાં રેહેવાસીઓને નેટર ભરવાનું કામ એજ ચીનાઓએ શીખવ્યું, અને ઘણે દરજ્જે માહાબલેશવરને સુધારવામાં એ લોકોની અથાગ મેહેનત તથા ચંચલાઇ હતી. સને ૧૮૬૪ માં તુરંગ કાહાડી નાંખવામાં આવી, અને ચીનાઓને છુટાપણું બખશી માહાબલેશવરમાં રેહી બાગ બગીચા બનાવવાની પરવાનગી આપવામાં આવી તથા દર મહીનાની ૧લી તારીખે માહાબલેશવરના સુપ્રરીનટેંડંટને હાજરી આપવા ફરમાવયું—ઉપર કહેલા ચીનાઓમાં હાલ એકજ ચીનો હૈયાત છે, જે જઈફ ઉમ્મરે પુગ્યો છે અને ખેતીવાડી કરી પોતાનો નીરવાહ આબરૂ ઇજ્જતથી કર્યો જાય છે.

## બજાર.

માહાબલેશવરનું બજાર મધ્યમ ભાગમાં એક ઊંચા સલો-પપર આવેલું છે અને તે દેવલની નજદીક છે. એ બજાર-નો વીસ્તાર અને એરીઆ નજદીક ૨૪ એકરનો કહેવાય છે, અને બજારની વસ્તી ચોમાસામાં ૧૦૦૦ થી ૧૪૦૦ માણ-સોની હોય છે. જે ગરમીની મોહોસમમાં વધી ૩૦૦૦ થી ૪૦૦૦ માણસોની થવા જાય છે. બજારની વચમાંથી એક પાકી બાંધણીનો રસ્તો પસાર થાય છે, જેની બેઉ બાજુએ હારેદાર દુકાનો બાંધેલી છે. એ દુકાનો આગલ ઘણી થોડી અને ઘાસનાં છાપડાંઓની હતી, પણ હાલમાં તેમાં ઘણો વધારો થયો છે, અને હવે દુકાનો સારૂં બીજી નવી જગ્યા મલતી નથી. ગરમીની મોહોસમમાં મુંબઈ, પુણા અને સતારા તરફથી દુકાનદારો પોત પોતાનો માલ વેચવા સારૂં આવે છે, અને તેઓ દુકાનોનાં ભાડાંઓ મોટાં આપતા હો-વાથી હાલમાં દુકાનો સારી બાંધવામાં આવી છે. માહાબલે-શવરના દુકાનદારો ઘણાખરા હીંદુ અને મુસલમાનો હોય છે, જેમાં લીનગાયત વાની, કામાટી, ગુજરવાની તથા મારવા-ડીઓ છે. વલી હોરાઓ, તથા ગોઆનીસો અને પારસીઓ-ની ઇંગ્રેજી દારૂકામ, ઓઈલમેનસટોર વગેરે વેચવાની દુકાનો-બી છે. માહાબલેશવરમાં દવાખાનાંની એક મોટી ખુટ હતી, જે બાબદ સને ૧૮૮૭ માં કેટલાએક જરથોસતીઓ વગે-રેએ નામદાર ગવરનરને અરજી પણ કીધી હતી, અને

સરકારી આસપીટલમાંથી દવા નહીં મલવાને લીધે ચકચાર વધી પડી હતી તે ખુટ પુરી પાડેલી છે. ત્રીચર કંપનીએ પોતાનાં દવાખાનાંની બ્રાંચ માહાબલેશવરમાં ઉઘાડી છે, જ્યાં દરેક જાતની દવા મલી શકે છે, અને તેનો ભાવબી ઘણો સસતો છપાવીને રાખેલો કહેવાય છે. એથી ત્યાં જનારા દરદીઓને મોટું સુખ થયું છે. માહાબલેશવરમાં સોડાવાટર વગેરે બનાવવાની જરથોસતીની એક દુકાન છે, અને તે ઉપ્રાંત ત્રીચરની દુકાનમાં સર્વે દારૂ કામ, ખોરાકી, સોડાવાટર વગેરે કીફાયત ભાવે મલી શકે છે. માહાબલેશવર જેવી આબોહવાવાલી જગ્યામાં "આઈસ" જેવી ચીજની જરૂર છેજ નહી. તોપણ યુરોપયનોની કલબો તથા હાટેલોમાં એનો મોટો ખપ હોવાથી પુણેથી આઇસ દરરોજ આવે છે, તેમજ મુંબઇની માછલી વગેરે પણ કોઈ કોઇ વખ્તે મલે છે, અને ટુંકમાં તમોને જે ચીજ જોઇયે તે માહાબલેશવરનાં બજારમાંથી મુંબઇ અથવા પુણા કરતાં સેહેજ વધતા ભાવે મલી શકે છે. તેમજ વેલાતી કાપડના મુંબઇના વેપારી "એડમ પાઇલ"ની બ્રાંચ પણ ઊઘાડવામાં આવેલી છે. માહાબલેશવરનો મોટો વેપાર પતેતા, મધ તથા મીણનો છે, જે જથ્થાબંધ પુણા, મુંબઇ તથા બીજી દેશાવરવાલી જગો પર અત્રેના દુકાનદારો મોકલાવે છે. બજારની વચ્ચો વચમાં મારકીટ આવેલી છે, જ્યાં ભાજી, તરકારી જોઈયે તેવી ઉમદા અને સસ્તી મલે છે. એ મારકીટની મરામત ૧૮૮૦નાં સાલમાં કરી ઉપર કારૂગેટનું છાપરું બનાવ્યું હતું. બીફ તથા મટન વેચવાની જગાઓ એ મારકીટથી જરાં દુરને અંતરે આવેલી છે. બજારની ઉગમણ

તથા દક્ષિણ બાજુએ બે અલાહેદી જગ્યાઓ રાખેલી છે, જેને "**અદ્દા**" કરી કહે છે, જ્યાં કોકણ તથા દખણમાંથી લોકો અનાજ તથા બાંધકામનાં લાકડાં વગેરે બીજી ચીજો જથ્થાબંધ વેચવા સારૂં લાવે છે. પશ્ચિમ બાજુએ સરકારી બાલવાનાં લાકડાંનો સટોર હતો, જે હમણાં ત્યાંથી કહાડી નાંખી ઉગમણ બાજુએ લઇ ગયા છે, અને તે જુની જગ્યા ઉપર હાલ ઘણોજ સરસ બાગ ત્યાંની મ્યુનીસીપાલીટીએ બનાવ્યો છે, જેનું નામ "**રે ગારડન**" આપવામાં આવ્યું છે. એ બાગ થવાથી તેની આજુબાજુના બંગલાઓની તથા જગોની રોણક્જ ફેરવાઇ ગયલી છે, કારણ તેની પડોસમાંજ વલી અંગ્રેજોને રમવા સારૂં નવી "કરોકે ગ્રાઉંડ" બનાવી છેં, જ્યાં તેઓનો મેલાવડો સવાર સાંજ સારો થાય છે. બજારની આજુબાજુએ હીંદુઓનાં શીવ, ગણપતી, મારૂતી અને બીઠોબાનાં દેવલો છે. એ દેવલો સરકારની મદદ વગર ખામગી સાહાસથી ચાલે છે. મુસલમાનોની મસજીદ ઉતર બાજુએ આવેલી છે. રોમન કેઠલીક દેવલ અને નેટીવ લાઇબ્રેરીબી બજારમાંજ આવેલી છે, અને સ્કુલ જે બજારને નાકે આવી હતી તે વેચી નાખી છે. જેના રૂપયા ૨૪૦૦ ઉપજ્યા છે, અને હાલમાં નવી સ્કુલનું મકાન સારી ઢપપર અને કુશાદે બજારની દક્ષિણ બાજુએ બાંધવા માંડયું છે, જે બંધાઈ તૈયાર થઈ ચુકી છે. શેઠ ફરામજી નશરવાનજી પટેલની ધરમશાલા બજારની ઉગમણ બાજુએ આવેલી છે. ઇમારતના લાકડાં જથ્થાબંધ મલી આવે છે, અને કામદાર માણસો સુથાર, કડીયા વગેરે મલી શકે છે. બજારની અંદર ફ્રુટ સારી મલે

છે અને તે દાપોલી, વાઈ તથા સતારાથી દરરોજ વેચાવા આવે છે. બજારમાં શેઠ ફરામજી અરદેશર મેલ કંટરાકટરના મોટા તબેલાઓ આવેલા છે. ત્યાંથી ફાઇટીન, લેનડો વગેરે ગાડીઓ ભાડે મલી શકે છે. તેમજ માહાબલેશવરથી વાતાર અને વાતારથી માહાબલેશવર જાવ આવ કરવાને ભાડે મલે છે.

**પોસ્ટ આફીસ** બજારથી થોડીક દુર આવેલી છે અને કાગજો નાંખવાનાં પીલરો મુખ્ય જગ્યા પર ઉભા કીધેલા છે, મોહોસમની અંદર મુંબઈનો મેલ માહાબલેશવરમાં સવારેનાં બરીગજર ૪ કલાકે આવી પુગે છે, તથા માહાબલેશવરથી કાગજો મુંબઈ તરફ સાંજનાં ૨–૩૦ કલાકે લેઇ જવામાં આવે છે. મેલ ટાંગાનું કનટરાકટ શેઠ ફરામજી અરદેશર મેલ કનટરાકટર આજે વરસો થયાં ચલાવતા આવ્યા છે. વાતારથી મેલ ટાંગામાં એક યા બે બેઠકો ભાડે મલી શકે છે, અને દર બેઠકનાં ૩૪) સુધી લેવામાં આવે છે.

**ટેલીગ્રાફ આફીસ** બરાબર બજારને નાંકે "યુનીઅન હાઉસ" નામનાં શેઠ કુવરજી કાવશજી માહાબલેશવરવાલાના મકાનમાં આવેલી છે, તે ફકત તા૦ ૧ લી અકટોબરથી તા૦ ૧૫ મી જુન સુધીજ ખુલી રાખવામાં આવે છે.

# બંગલાઓ તથા સરકારી ઈમારતો.

સને ૧૮૪૦નાં સાલમાં માહાબલેશવરની અંદર ફકત ૭ બંગલાઓ હતા. સને ૧૮૬૦ની અંદર નવા ૪૧ બંગલાઓ ઉમેરાઇ ૪૮ બંગલાઓ હતા અને ૧૮૮૦ના સાલમાં જુમલે ૯૮ બંગલાઓ ગણવામાં આવયા હતા. ૧૮૮૮ માં બીજા ઘણા નવા બંગલાઓ સારી ઘપના તથા પાકી બાંધણીના બાંધવામાં આવ્યા છે. અને હાલમાં બધા મલી સુમારે ૧૧૫ બંગલાઓ થયા છે. એ સરવે બંગલાઓ માહાબલેશવરની ટેકડીના ત્રણથી ચાર મૈલના ઘેરાવામાં આવેલા છે. એ બંગલાઓ આગલ ઘાસનાં છાપડાંના હતા, જે બાંધવામાં ઓછામાં ઓછા રૂપયા ૧૦૦૦ અને વધતામાં વધતા રૂપયા ૨૦,૦૦૦ સુધી ખરચ થયલો કહેવાય છે. ૧૮૮૦નાં સાલમાં જે ૯૮ બંગલાઓ હતા, જેમાંના ૮ સરકારી અને બાકીના ૯૦ ખાનગી શખસોના હતા, તેમાંના ૨૨ બંગલાઓ પારસીઓની મીલકત હતી. ઠંડીની, મોહોસમમાં ઘણું કરી યુરોપીયનો માહાબલેશવરમાં આવે છે, અને તે વખ્તે બંગલાઓનાં ભાડાં રૂપયા ૧૦૦ થી રૂપયા ૩૦૦ સુધીના હોય છે. એ ઠંડીની મોહોસમ અકટોબરથી જાનેવારી સુધી ગણવામાં આવે છે. હમણાં નવા બાંધેલા બંગલાઓ ઘણાજ સરસ, સારી ઢપના તથા પાકી બાંધણીના છે, જે બાંધતાં મોટી રકમો ખરચેલી કહેવાય છે. એ ઇમારતો માહાબલેશવરના લાલ પથરની, ચુનાની તથા સાગલી લાકડાં અને કારૂગેટેડ

પતરાંનાં છાપડાંની છે. સાગલી લાકડું તથા પતરાં મુંબઈથી માહાંરને રસ્તે યા પુણાને રસ્તે લાવવામાં આવે છે, અને ચુનો સતારા જીલ્લાના વાઈ ગામથી આવે છે. હાલમાં નવા બંગલાઓમાં જરથોસતીઓએ સારો ઉમેરો કરયો છે, તથા જુના બંગલાઓમાં ફેરફાર કરી ઘાસનાં છાપડાંઓ કાહડી નાંખી કારૂગેટેડ પતરાંનાં છાપડાંઓ બનાવ્યાં છે. આજ બે વરસ થયાં માહાબલેશવરના બંગલાઓનાં ભાડાંઓ ઘણું મોઘાં થયલાં કહેવાય છે. જ્યારથી નામદારો ડયુક અને ડચેસ ઓવ કોનાટ માહાબલેશવરમાં પધારવા માંડયાં છે ત્યારથી રાજાઓ તથા નવાબો વીગેરેનો મેલાવડો થવાથી બંગલાઓનાં ભાડાંઓ મોંહાં માંગયાં મલે છે અને ગરમીની મોહોસમમાં એક સોઘયો બંગલો મલી શકતો નથી, એટલે સઘલા બંગલાઓ આગમચથીજ ભરાઇ જાય છે. ગરમીની મોહોસમ જે મારચથી જુન સુધી કહેવાય છે તે મોહોસમમાં બંગલાઓનું ભાડું વધતામાં વધતું ૩૨૦૦૦ અને ઓછામાં ઓછું ૩૨૫૦ નું હોય છે. આગલ માહાબલેશવરમાં ગરમીની મોહોસમમાં મોટો ભાગ યુરોપીયનોનો આવતો હતો. આજેબી તેમજ છે, પણ બીજી જ્ઞાતવાલાઓ—મુખ્ય કરી પારસીઓ—વધુ આવવા માંડયા છે. બજારની અંદર દુકાંનોબી જે આગલ હાલહવાલ ઘાસના છાપડાંની બાંધતા હતા, તે આજે મજબુત પાકી બાંધણીની અને કારૂગેટેડ પતરાંનાં છાપડાંની બાંધવામાં આવે છે. આજે દુકાન બાંધવાને બજારમાં ખાલી જગા બીલકુલ નથી, અને ગરમીની મોહોસમ સારૂં દુકાનદારો જેઓ મુંબઈ, પુણા અને સતારાથી માહાબલેશવર આવે

છે તેઓ દુકાનનાં ભાડાં રૂ૧૦૦ થી રૂ૨૫૦ સુધી આપે છે. એ પ્રમાણે જ્યારથી માહાબલેશવર સ્થાપવામાં આવયું તે આજ સુધી બંગલાઓમાં તથા દુકાનોમાં ઘણો વધારો તથા સુધારો થયો છે, અને દીન ઉગે તેમાં હજુર વધારો થવાનાં ચીનહો નજરે પડે છે. માહાબલેશવરમાં આજે જરથોસતીઓના જે બંગલાઓ છે તેની ટીપ નીચે પ્રમાણે છે:—

| ધણીનાં નામો. | બંગલાનાં નામો. |
|---|---|
| સર જમશેદજી જીજીભાઈ બારોનેટ ......... | ધીર ફોર ઓકસ. |
| સર દીનશાહ માણેકજી પીટીટ ...... ..... | ફાઉનટન હાઉસ. |
| શેઠ ફરામજી નશરવાનજી પટેલ ............ | આયરન રૂફ. |
| શેઠ અરદેસર હોરમારજી વાહડયા ......... | બેલી વીઉ. |
| શેઠ દાદાભાઈ હોરમસજી દુબાશ ...... .. | સેંટ જેમસ કાટેજ. |
| ,, ,, | ઓકતેગન. |
| ,, ,, | રોજેરી. |
| ,, ,, | તેમપલ હાલ. |
| ,, ,, | પારસનેજ. |
| શેઠ શાપુરજી એદલજી ચીનાઈ ............ | કરેગ હાલ. |
| શેઠ મનચેરજી દોરાબજી વકીલ ............ | નાનપરલ ગુ. |
| ,, ,, | મીનીયેચર વીલા. |
| ,, ,, | રેવીન કાટેજ. |
| શેઠ ડોસાભાઈ નશરવાનજી વાહડયા ...... | એકોરન વીલા. |
| શેઠ કુવરજી અરદેસર મેલ કંટરાકટર ...... | અપના કાટેજ. |
| , ,, | ચારલોટ વીલા. |
| ,, ,, | લેક વીયુ. |
| ,, ,, | હીપ્ર વીયુ. |
| શેઠ ધનજીશાહ જમશેદજી અંકલેસરીઆ... | વીકટોરીયા લાડજ. |
| ,, ,, | હોલ સટોન. |
| ,, ,, | વાહાડયા લાડજ. |
| શેઠ મનચેરજી રૂસતમજી રાનજી ............ | કલીફટન કાટેજ. |

| | |
|---|---|
| શેઠ કુવરજી કાવસજી ...................... | ફાઉનટન હોટેલ. |
| ” ” | યુનીયન હાઊસ. |
| શેઠ ખરશેદજી દાદાભાઇ સતારેવાલા ...... | રોપન હોટેલ. |
| શેઠ ફીરોઝશાહ ર. ઊનવાલા ........... | ફીરોઝ કાટેજ. |
| શેઠ કાવસજી સોરાબજી ઇજનેર ........... | વાલટેડ રફ. |
| શેઠ રૂસતમજી ફરામજી વાહડયા ........... | વાહડયા વીલા. |
| શેઠ ફીરોઝશાહ કાવસજી ગાંધી ........... | એલફીનસટન કાટેજ. |
| શેઠ આદરજી દોરાબજી ગાશવાલ ......... | પેરેડાઇસ લાડજ. |
| ” ” | વુડ લોનડ. |
| એન. રતનજી ...... ...................... | સી. વીઈઉ. |

**સરકારી ઈમારતોમાં** મુખ્ય કરી “ફરીઅર હાલ,” “સેનીતેરીઅમ,” “ઈસપીટાલ,” “ધરમશાલા” ચાર સરકારી બંગલાઓ, નેટીવ જેનરલ લાઈબ્રેરી અને પરોતેશટાંનટ તથા રોમન કાઠલીક દેવલો આવેલાં છે.

---

# ફ્રીઅર હાલ.

---

જરથોસ્તી ટોલો એ એક સખાવતનો ભંડાર છે જેઓની સખાવતનો પમરાત દુન્યાના ચારો ભાગોમાં ફેલાઇ રહેલો છે. શું જાત કે શું પરજાતમાં જ્યાંબી જાવો ત્યાં એઓના પરમારથી કામનો સેતારો સદા ચકચકતો રહે છે. માહાબલેશવર જેવાં જંગળને વસાવવા તથા સાહેબ લોકોના સુખમાં વધારો કરી આપવાબી જરથોસ્તી સખી દીલગુરદો પછાત પડયો નથી, એ એક મોટી ખુશાલીની વાત અમો સમજ્યે છઇયે. માહાબલેશવરના બજારની નજદીક "ફ્રીઅર હાલ" નામની એક સુંદર ઇમારત જોવામાં આવે છે. તેની બાંધણી "ગાથીક" આકારની છે જે માહાબલેશવરના લાલ રંગના પથરની બાંધવામાં આવેલી છે અને ઉપર કારૂગેટ પતરાંનુ છાપરૂં કીધેલું છે. સને ૧૮૬૪ ના સાલમાં મુંબઈવાલા શેઠ કાવસજી માણેકજી લીમજી માહાબલેશવરની સેહેલગાએ ગયા હતા તે વખ્તે તેઓને એક આવી જાહેર ઇમારતની ખુત દેખાઈ કે, જ્યાં દરેક કોમનાં સરવે હવા ખાવા આવનાર સાહેબો ભેગા મલી અરસપરસની મીત્રાચારીમાં વધારો કરે. એ કારણસર તેઓએ એક લીસટ ઉઘરાંણાનું ફરતું કરી પોતે તેમાં ૩૨૦૦૦) ની રકમ ભરી આપી હતી, જે લીસટમાં પાછલથી બીજા પારસી. હીંદુ તથા અંગ્રેજોએ સારી રકમો ભરી આપી હતી, પણ પાછલથી રકમ પુરી નહીં પડવાથી સરકારની મદદ માગવામાં આવી હતી જેણે તે આપી ઈમારતનાં કાંમને સરન-

જામ પોહોંચાડવામાં આવ્યું એ ઇમારતમાં ત્રણ મોટા ઓર-દાઓ આવેલા છે. પશ્ચિમ બાજુનાં ઓરદામાં "લાઇબ્રેરી" આવેલી છે, પશ્ચિમનાં હાલમાં બેસવા ઉઠવાની જગો રાખે-લી છે જ્યાં કેટલીએક વખ્તે નાટકો તથા "શુઆરીઓ" કરવામાં આવે છે. આએ લાઇબ્રેરીમાં સાહેબ લોકો અથવા બીજી કોઈબી જ્ઞાતનાં ગ્રહસ્થોને ચોકસ ફી લેઈ દાખલ કરવામાં આવે છે.

**સેનીતેરીઅમ**—આએ ઈમારતમાં આંઠ મજાહની કુશા-દે કોઠરીઓ બાંધેલી છે જે આંઠ કોઠરીઓ સરકારે માહાબ-લેશ્વરની મ્યુનીસીપાલીટીને એવી સરતે આગલ આપી હતી કે એ દરેક કોઠરીમાં થોડા પગારના સરકારી વગર પરણેલા અમલદારોના વપરાસ માટે રાખવી તથા તેની મરામત વગેરે મ્યુનીસીપાલીટીએજ કરવી. પણ હમણા તરણ વરસ થયાં એજ જગોએ અંગ્રેજો સારૂં "માહાબલેશવર કલ્બ" સ્થાપ-વાથી એ આઠ કોઠરીઓ કલ્બે વેચાતી લેઇ તેમાં તેનાં છરા મેમબરોનેજ રાખવામાં આવે છે.

**ઈસ્પીટાલ**—કલ્બની નજદીક સરકારી ધરમનું દવા-ખાનું તથા ઇસ્પીટાલની ઇમારત આવેલી છે, એ ઇસ્પીટાલ-નો અખતીઆર એક ડાકટરને સોંપવામાં આવે છે જે બજાર માસટર અથવા સુપરીનટેનડંટનો ઓધોબી ભોગવે છે, એનાં હાથ નીચે એક આસીસટંટ તથા કંપાઊંડર હોય છે જે વર-સનાં બાર મહીનાં માહાબલેશવરમાં રેહે છે. એ બજાર માસટરની નેમણુંક સરકાર દર બે અથવા ત્રણ વરસે કરે છે અને ચોમાસાની મોહોસમમાં તે ઘણું કરી પુણે જઇ રેહે છે.

એ હસ્પીટાલની કોઇબી કોમનાં ગરીબોને સવાર સાંજ દવા તથા સલાહ મુફ્ત આપવામાં આવે છે, પણ વધારે બીમારી ભોગવતા ગરીબ સખશોને રાખવા સારૂં છ બીછાણાં પણ રાખવામાં આવ્યાં છે. આગલ એજ જગોએથી હવા ખાવા આવનાર અંગ્રેજો તથા શેઠ શાહુકારોને મફ્ત દવા મલતી હતી, પણ હમણાં ત્યાં ત્રીચર કંપનીનું દવાખાનું સ્થાપવાથી તથા દવા મુફ્ત આપવાની સરકારી મનાઈથી તવંગર લોકોને એ ઈસ્પીટાલનો લાભ મફ્ત મલી શકતો નથી.

**ધરમશાલા**—શેઠ ફરામજી નશરવાનજી પટેલની સખાવતથી ગરીબ મુસાફરો સારૂં બજારને છેરે તેની ઉતર બાજુએ એક રમણુય નાધલી ધરમશાલા બાંધેલી છે જેનો લાભ આસપાસના ગાંમડાઓમાંથી માલ વેચનારાઓ ગરમીની મોહોશમમાં અતીશય લે છે.

**ચાર સરકારી બંગલાઓ**—એવોમાંનો પેહેલો, ત્રીજો અને ચોથો બંગલો માહાબલેશવરના સુપરીનટેંડંટ જેવો મ્યુનીસીપાલીટીના પ્રમુખ છે તેઓ અંગ્રેજોનેજ ભાડે આપે છે અને નંબર બીજાવાલા બંગલામાં શીતારાનો પદ્દરી જે ત્રણ ગરમીના માસમાં માહાબલેશવરના પાદરીનો હક ભોગવે છે તેના વપરાસ સારૂં રાખેલો હોય છે.

**પરોતેશતંટ દેવળ**—ઉપલું દેવળ સરવેથી ઊંચી બજારની ઉતર બાજુની ટેકડી ઉપર આવેલું છે જે ૧૮૪૨ 'ના સાલમાં **બીશપ કારે** ઉઘાડયું હતું અને જેની પુરતી મરામત પાછલથી સને ૧૮૬૭ ના સાલમાં કરવામાં આવી હતી.

**"રોમન કાઠલીક દેવળ"**—રે ગારડનની પડોસમાં બ-જારની દક્ષીણ બાજુને નાકે બેઠી બાંધણીનું સપાત જગો ઉપર કાંઈબી ભપકા વગર તદન સાદું દેવળ રોમન કાઠલીક ખ્રીસ્ટી સારૂં બાંધેલું છે.

**નેટીવ લાઈબ્રેરી**—એ લાઇબ્રેરીનો લાભ માહાબલેશવર જતાં સરકારી આફીસના રાઈટરો તેમજ બજારના દુકાનદારો વીગેરે ગરમીની મોહોસમમાં છુટથી લીએ છે. ઉપલી લાઇબ્રે-રી બજારને નાંકે રે ગારડનની પડોસમાં ઘણીજ સરસ જગોએ બજારની વસ્તીની નજદીકમાં આવેલી છે. તેનો નીભાવ નીરજીવ ફીઇના સબ્સ ક્રીપશન તથા મ્યુનીસીપાલી-ટીની બક્ષેથી દર સાલ થાય છે.

## રમત ગમતની જગયાઓ.

---

**બીલીઅરડ રૂમસ**—ફ્રીઅર હાલની પડોસમાં તથા સેનીતેરીઅમની આઠ કોઠરી જે માહાબલેશવર કલબના અંગ્રેજ મેમબરોએ વેચાતી લીધેલી છે તે બેઉ ઈમારતની વચમાં એક નવી કુશાદે ઈમારત બાંધી તેમાં મોટો દાઇનીગ રૂમ કીધેલો છે, અને તેની પડોસમો ફકત કલબના મેમબરોનેજ સારૂં એક રોણકદાર બીલીઅરડ ટેબલ મુકવામાં આવી છે.

તેમજ આપણા જરથોસતીઓ તથા બીજી ગ્નાત સારૂં એક બીલીઅરડ રૂમ શેઠ કુવરજી કાવસજી માહાબલેશવરવાલાએ પારસી હાટેલમો પણ ઉઘાડયો છે જેથી અતરે આવતા જરથોસતી સાહેબોને ઘણીજ રમતગમતનું સાંધન થઇ પડયું છે.

**બેદમનતન કોરટ**—ફ્રીઅર હાલની પશ્ચિમે એક કુશાદે પતરાંનું છાપરૂં સાધવાની થાંબલા ઉપર ઉભું કરી તેની આસપાસ કમર જેટલી ઊંચી દેવાલ તથા તેની ઉપર વેધર ફ્રેમ લટકાવી બંધ અથવા ખોલ્લી હવાંમાં જેમ રમનારાઓને પસંદ પડે તેવી રીતે રમવા સારૂં એક બેદમીનતન કોરત બનાવેલી છે. જેનો લાભ આગળ ઘણીએક લેડી તથા જેનતલમેંનો લેતા હતા, પણ પાછલથી લાનતેનીસનો શોખ ઘણો વધવેથી તેનો ઉપયોગ હમણાં જાહાજો થતો નથી.

**લાનતેનીસ કોરત** આગલા વખ્તમાં ફકત એકજ મોટી લાનતેનીસ કોરત સાસુન પાઈનત ઉપર હતી, જેનો ઉપયોગ

અતરે આવતા ઘણાએક અંગ્રેજો તેમજ તેઓનાં બાંનુઓ લેતાં હતાં. પાછલથી કેટલાએક બદેખાંઓએ કેટલાંએક સુંદર ઝાડો કાપી નાખી પોતપોતાના કંપાઉડમાં પોતાને તેમજ પોતાના દોસ્તોને સારૂં ખાનગી લાનતેનીસ કોરતો બનાવી હતી.

તેમજ સર દીનશાજી માણેકજી પીટીટે પોતાના ફાઉનતન હાઉશ બંગલાની પડોસમાં આપરા જરથોસતીઓ સારૂં તથા મરહુમ શેઠ અરદેસરજી હોરમારજી વાહાડીઆજીએ પોતાના એલીવીયુ બંગલાના કંપાઉડમાં પોતાની ફેમેલીના વપરાસ સારૂં બનાવી હતી.

પાછલથી આપરા કેટલાએક સવતંતર જરથોસતી ભાઇઓએ જાહેર રમતની પબલીકનો હક સાસુન પાઇનતની લાઇતેનીશ ઉપર સાબેત કરવાથી તેઓ ભાઇઓ સાથે કેટલાએક અંગ્રેજોને પસંદ નહી હોવાથી તેઓએ પોતપોતામો ઉઘરાણું કરી એક નવી લાનતેનીશની જગો કલ્બની નજદીક પબલીકને સારૂં નહી, પણ પોતપોતાનેજ સારૂં બનાવી હવે સાસુન પાઇનતની લાનતેનીશ નજદીક ઉજર પાડવામાં આવી છે.

**રેશ કોરશ અથવા ઘોડદોડના જગો**—આએ ઘોડાની સરત રમવાનો રસ્તો સને ૧૮૮૬—૮૭ ના સાલમાં બજારની ઉતર તરફ ઘણીજ રમનીય જગો પર સેંહેકડો ઝાડો તોડી નાખી તથા ટેકરા વીગેરે તોડી તેમજ ખરદાવો ભરી નંજદીક એક મૈલના ઘેરાવાનો બનાવવામાં આવયો છે, જયાં દર સાલ ગરમીની મોહોસમમાં અંગ્રેજ લોકો સરત રમે છે. તેમાં અગત કરી તતી કુદાવવાની સરત ઘણીજ દીલ ખેંચ-

નોરી થાય છે. જ્યારે સરતનો દીવસ નહી હોય તેવે દીવસે ઉપલીજ જગો પર અંગ્રેજો પોતાની રમત રમે છે. એ સરતની જગોની મરામત દર સાલ પબલીક ઉપરાણુંથી થાય છે.

"રે ગારડન" આએ બાગ બજારની પશ્ચિમ બાજુ પર આવેલો છે. જ્યાં એ બાગ છે તે જગો અસલ અદ્દા ને નામે ઓળખાતી હતી, જ્યાં કોકંન તથા દખનમાંથી તરેહવાર વેચવાની જનસો લાવી મુકવામાં આવતી હતી. હાલમાં એ જગ્યાની રોનક તદન ફેરવઈ ગઇ છે. રંગબેરંગી વેલાતી ફુલોથી જગો ભરી નાંખી છે, અને આંખને થંડક પડે એવો ખુશનુમાં દેખાવ નજરે પડે છે. એ બાગની સામગે લાનટેનીસ રમવાની જગ્યા આવવાથી સાહેબ લોકોની તથા બીજાઓની આવજાવ બેહદ થાય છે. એ બાગ માહાબલેશવરની મ્યુનીસીપાલીટીએ ડાકટર મરફી બજાર માસતરનાં વખ્તમાં અને ૧૮૮૯ નાં સાલમાં બનાવવામાં આવ્યો છે. એની અંદર એક ગંજાવર કુવો આવેલો છે, જેમાંનું પાણી બાગના વપડાસમાં લીએ છે. અહીઆં સવાર સાંજ અતરે આવતાં સરવે વીઝીટરોનાં ભુલકાઓ બાગમાં તરેહવાર રમત ગમતથી તેમજ ત્યાં ઉભા કીધેલા ઘણુંજ સુંદર "મેરી ગો રાઉન્ડ" યાને પવન ચકરી ઉપર હીચકા ખાઈ પોતાના ખુશનુમાં ગોલાબી ચેહેરા પર તરો તાજગી વધારે છે.

# હોટેલો.

---

માહાબલેશવરમાં મુખ્ય બે હોટેલો આવેલાં છે, એક "ફ્રાઉિ-નટન હોટેલ" શેઠ કુંવરજી કાવશજી માહાબલેશવરવાલા ચલાવે છે. એ ફ્રાઉનટન હોટેલ આગલ બજારની નજદીક હાલમાં "ફ્રાઉનટન હાઉસ" નાંમનો સર દીનશાજી માણેકજી પીટીટ નાઇટનો બંગલો છે તેમાં હતું. પણ પાછલથી એક વધારે કુશાદે જગ્યા પર મોટા ખરચ કરી એક ઊંચી ટેકડી પર બાંધયું છે જ્યાંથી આજુબાજુના દેખાવો ઘણા રમનીય લાગે છે.

"રીપન હોટેલ" શેઠ ખરશેદજી દાદાભાઈ સતારાવાલા ચલાવે છે. એ હોટેલ બજાર લાઈબ્રેરી લાન ટેનીસ વીગેરે જગ્યાઓની નજદીક એક મોટા કુશાદે બંગલામાં આવેલું છે. એ બેઉ હોટેલના માલેકો પોતાનાં કામ પર ઘણાં ખંતીલા છે, અને અંગ્રેજોને દરેક ચીજનું શુખ આપવા પોતાથી બનતી કોશેસ કરીઆ જાય છે.

**પારસી હોટેલ.**—શેઠ કુંવરજી કાવસજીએ પારસીઓની સ-ગવડ માટે એક હોટેલ ગયાં બે વરસ થયાં એક મોટા બંગલામાં ઊઘાડયું છે, જ્યાં પારસીઓને ફેમીલીઓ સાથે તેમજ ફેમીલી વગર આવનારા શેઠીઆઓ સારૂ રેહેવાની પુરતી સ-ગવડ કીધેલી છે.

---

# માહાબલેશવરનાં દેહેડાંની જાત્રાઓ.

માહાબલેશવર ગામડાંમાં આવેલાં દેહેડાંઓની જાત્રા વરસમાં ત્રણ વખત થાય છે. ક્રીશણા નદીના માનમાં "ક્રીશણાબાઇ" અને માહાબલેશવરના માન સારૂં નવરાતર અને શીવરાતરની મોટી જાત્રાઓ ભરાય છે. ક્રીશણાબાઈની જાત્રા મારચ માસમાં આવે છે અને તે પાંચ દીવસ સુધી જાથુક રેહે છે. નવરાતરની જાત્રા અકટોબરમાં આવે છે અને તે દશ દીવસ સુધી રેહે છે, અને શીવરાતરની જાત્રા ફેબરવારી માસમાં આવે છે તે ફકત સાત દીવસજ ભરાય છે. આ જાત્રાઓના ખરચો પુરા પાડવા તથા તે દીવસે નજદીક ૫૦૦ ઉપર બ્રાહમણોને મફત ભોજન આપવાના ખરચ સારૂં એક ચોકસ ગામડાંની આયપત સુમારે ૩૨૦૦ બક્ષેસ તરીકે આપેલી કેહેવાય છે. પણ એટલી રકમ પુરી નહીં પડવાના સબબને લીધે બીજું નાણું ઉઘરાંણું કરી દેહેડાંના મુતવલીઓ ભેગું કરે છે. એ જાત્રાઓના દાહાડાઓ ઉપર માહાબલેશવર ગામડાંમાં ઘણા લોકો ભેગાં થાય છે. જાત્રાળુઓ આજુબાજુનાં ગાંમોમાંથી તેમજ પુણા, નાશીક, સતારા, મુંબઇ તથા બીજાં દખણ અને કોકનનાં ગામોમાંથી રકમબંધ ઉતરી પડે છે, તેમાં મુખ્ય કરી બ્રાહમણો, પરભુઓ, વાણયાઓ તથા મરાઠાઓ ટોલાંનાં ટોલાં આવે છે, જે વખ્તે સુમારે ૨૦૦૦ માણસોનો જમાવ થયલો કેહેવાય છે, અને કોઈ કોઈ વખ્તે ગમત જોવા સારૂ પારસીઓબી ત્યાં નજરે પડે છે. એ જાત્રાળુઓમાં જેઓ નજદીકનાં ગામડાંનાં હોય છે તેઓ તેજ સાંજે પાછાં પોતપોતાને ઘેરબારે જાય છે, અને દુર-

થી આવેલાં માણુસો જાત્રાના દીવસો પુરા થાય ત્યાંસુધી રહે છે. એ લોકોની કીયાઓમાં મુખ્ય પેહેલાં "પંચગંગા" અથવા પાંચ નદીઓ ક્રીશનાં, કોઇનાં, યેનાં, ગાયત્રી અને શાવીત્રીનાં ભેગાં મલેલાં પાણીમાં સનાન કરી પછી દેવલો-માંની મુરતીઓની પુંજા કરવાની કીયાઓ થાય છે. એ પાંચ નદીનાં ભેગાં કીધેલાં પાણીને હલકી વરણુના હીંદુઓને અડકવાનેબી સાફ સખ્ત મનાઈ છે. તેઓને પાણી તેઓના પુંજારીઓ અથવા બ્રાહમણો દુરથી આપે છે જેથી તેઓ સનાન કરીને સંતોશ પામે છે. પૈસાવાલા બ્રાહમણો જેઓ જાત્રાએ આવે છે તેઓ વારંવાર તેઓના ગરીબ જાતભા-ઇઓને જમણુ આપી એક જાતનો ધરમ સંપાદન કરે છે. જાત્રાના દીવસો ઉપર ગામડાં નજદીક મેલો ભરાય છે, પણુ તે ઘણોજ ગરીબ દેખાવનો હોય છે. તે મેલાઓ મુંબઇની માફક ભપકાદાર હોતા નથી. તેઓના જેવી ભપકાદાર ચીજો વેચાવા આવતી નથી, પણુ ગરીબોને અનુસરતી ચીજો જેવી કે ગાંમઠી બનાવટનાં કાચનાં ચીતલો, માટીનાં રમકડાંઓ, પીતલની બનાવટનાં વાસણો મુખ્ય કરી વેચવા લાવે છે. જેનો સારો ખપ થાય છે. જાત્રાલુઓ જે પૈસા મુરતીઓને અરપણુ કરે છે તે પૈસા મુરતી સંભાલનાર બ્રાહમણો જેને "ગુરપ" કરી કહે છે તેઓ વારાફરતી તે વેંહેંચી લીયે છે, અને તે ઉપરજ તે ગુરપો પોતાનો નીરવાહ કરે છે. એ ગુરપોનાં સુમારે આઠ દશ કુટું-બોનાં ઘરો હાલ મોજુદ છે. બ્રાહમણુ પુંજારીઓનાં ઘરો આગલ ૭૫ ની ઉપર હતાં, પણુ હાલમાં ઘણાઓ નીકલી ગયાં છે અને વીસથી પચીસ પુંજારીઓ પોતાનાં કુટુંબ સાથે માહાબલેશવરનાં દેવલ આગલ ગામડાંમાં વસે છે.

# સેવટ.

સેવટે આએ માહાબલેશવરનો હેવાલ સમાપ્ત કરતી વખ્તે અમો એટલી અરજ ગુજારીશું કે જે સાહેબોને પરવરદેગારે જરની બક્ષેસ કીધી હોય, જેઓ આ શીતલ અને આબોહવાવાલી ટેકડીની મોજમઝાહ ચાખવાને સામરથવાન હોય તેઓએ જરૂર કરી આ આશુદગીવાલી જગ્યાની એકવારબી મુલાકાત લીધા વગર રેહેવું નહીં. અગત્ય કરી અમો હાફ્ફુણુ, દમ, ખહી વીગેરે બુરા મરજથી રીબતા શખસો જેઓ જર ખરચી તરબીયતની હલાકીથી કંટાલી ગયા હોય તેઓને મજબુત ભલામણ કરીએ છિએ જે તેઓએ જો કાંઇબી ફાયદો હાંસલ કરવો હોય તો આ શીતલ ટેકડીની ભેટ જરૂર લેવી. ખહી જેવા દુશટ રોગની સરૂઆત થયલાં શખસોને સારાં થવાના ચીન્હો ઘણાં છે, પણ તેમ કરવાને તેઓએ ચાર પાંચ વરસ સુધી અત્રે આવી રેહવું જરૂરીયાત છે.

# પંચગની.

આએ ખુશનુમાં નાંધલું સેનીતેરીઅમ તમો વાઇનો પાહાડ ચહડી રહ્યા કે લાલ મતોડી તથા ઊંચા ખાંખુનાં ઝાડો સાથે તમારી નજરે પડે છે. પંચગનીમાં દાખલ થતાંજ હવાની અંદર ફેરફાર માલમ પડે છે. મજાની ઠંડીની લેહેંકી તમારા મોહોડાં ઉપર પંથરાઇ જઇ ધાત ચહડવાની તથા રસ્તાની ઠાકને વીસરાવી મુકે છે. એ સેનીટેરીઅમ વાઇ ગાંમની પશ્ચિમ બાજુંએ સુમારે ૧૦ મૈલ અને માહાબલેશવરની ઉગમણુ બાજુ પર સુમારે ૧૧ મૈલ દુર આવેલું છે, તે દરીઆની સપાટીથી ૪૩૭૮ ફીટની ઊંચાઇએ આવેલું છે. ત્યાંની હવાં માહાબલેશવરને ઘણીખરી મલતી આવે છે, અને વરસનાં બારે મહીનાં લોકોથી ત્યાં રેહેવાને બને છે. એવું કેહેવામાં આવે છે જે એ હવાવાલી જગ્યા ઘણીખરી બચાંઓની તંનદરોસ્તીનાં બાબમાં ઘણી ફાયદાકારક છે, અને તે કારણુસર આખાં હીંદુસતાનમાં એવી બીજી જગો મલે નહીં. જો કે તે માહાબલેશવરથી ફકત ૧૧ મૈલ દુર છે તોબી ત્યાંનું ચોમાસું માહાબલેશવરનાં જેવું કંટાલા ભરેલું નથી. જ્યારે માહાબલેશવરમાં વરસાદ નજદીક ૩૦૦ ઈંચ પડે છે ત્યારે પંચગનીમાં ફકત વધતામાં વધતો ૫૬ ઈંચેજ નોધવામાં આવેલ છે. આએ મુખ્ય સબબને લીધે જેમ માહાબલેશવરથી વરસાંદમાં દોરાદોર કરવી પડે છે તેમ પંચગનીથી કરવી પડતી નથી, અને ઘણાંખરા વચલે વાઘેનાં યુરોપીઅનો ત્યાં પોતાના

નાંધલા પણ સુંદર બંગલાઓ બાંધીને રહેલા છે. મેસરસ ચેસન અને ઉડહાલ ચોપડી વેચનારાઓનું નાંમ હજુર ઘણાં વાંચનારાઓને યાદ હશે. એ પેહેડીનાં ભાગયા મી૦ ચેસંન જ્યારે કામ ધંધેથી ફરાગત પામયા ત્યારે પેહેલ વેહેલા સને ૧૮૪૫ માં પંચગની જઇ ત્યાં પોતાનાં બાકીનાં દીવસો આરાંમની અંદર ગુજારવાનો નીશચય કીધો, અને પાંચ છ વરસ ત્યાં બાગબાંની પાછળ ગુજારવા બાદ યુરોપીઅન લોકોને વસાવવા સારૂં પોતાથી બનતી મેહેનત અને કોશેશ કીધી. સને ૧૮૬૨ માં ત્યાં ફકત છ બંગલાઓ બાંધવામાં આવ્યા અને એ સેનીટેરીઅમનાં ખરચ સારૂં સર બારટલ ફ્રીઅર . ગવરનરનાં વખ્તમાં સરકારે દર સાલ ૩૨૦૦૦) આપતા કીધા, અને મી૦ ચેસંનને પેહેલ વેહેલો આનરરી સુપરીનટેંનડંટ નેમવામાં આવ્યો. પંચગનીમાં જોવાલાયક જગ્યાઓની ખુત છે. ત્યાંનાં લોકો પીવાનું પાંણી મુખ્ય કરી ઝરાઓનું વાપડે છે. મુખ્ય ઝરો ગામડાંની ઉત્તરે આવેલો છે જેને ગોલ કુવા રોકા આકારમાં બાંધી લેવામાં આવેલો છે—ત્યાંથી માહાબલેશવર જતાં જમનાં હાથ પર નીચે **ક્રીશનાં** નદી તથા આજુબાજુનાં ક્રાંતાઓ ઘણાં રમનય નજરે પડે છે.

પંચગનીની વસ્તી હાલમાં મુખ્ય કરી વચલેવાંઘેનાં યુરોપીયન લોકોની છે. જાથુકના વસનારાઓ સુમારે ૧૦૦) જણાં છે અને ગરમીનાં દીવસોપર બીજા સો યુરોપીયનોનો ઉમેરો થવા જાય છે. એ સેનીતેરીઅમના વહીવટ સારૂં અંગ્રેજ સરકાર દર બે યા ત્રણ વરસે સુપરીનટેંનડંટ અથવા બજાર માસતરની નેમણુક કરે છે:—

પંચગનીમાં સરકારી મુસાફર બંગલો, ટપાલ આપીસ, ેલી

આફ આફીસ, નીશાળ, મારકીટ તથા ધરમશાળા વગેરે સારી જગોપર આવેલી છે. એ ઉપરાંત એક ઇસ્પીતાળ તથા યુરોપીયન અને યુરેજીયન લોકોનાં છોકરાંઓ સારૂ બોરડીંગ ઇસ્કોલ આવેલી છે. સરકારી મુસાફર બંગલો ઘણો કુશાદે બાંધેલો છે, અને માહાબલેશવર જતાં આવતાં લોકોને બહુ ઉપયોગી થઇ પડે છે. સાહેબ લોકોના છોકરાંઓ સારૂં ઇસ્કોલ સને ૧૮૭૬માં બાંધી હતી, અને તે બાંધવા પાછળ પુશકળ નાણું ખરચવામાં આવેલું છે. એ ઇસ્કોલનો કારોબર એક કમીટીને સોંપવામાં આવેલો છે.

પંચગનીનાં ઝાડો ફળફળાદીથી ભરપુર છે. ત્યાં પીચ, બલાકબેરી, પેર તથા વેલાતી પપેતાનાં ઝાડો પુશકળ છે, અને તે સારાં ફળો દર સાલ આપેછે. ત્યાંની કાફીની ઘણી વખાણ થયેલી છે અને તે વેલાત મોકલવામાં આવી હતી જે સારી કીમતે વેચાઇ હતી. જંગલી ગોલાબના ઝાડો બેહદ છે, અને ચાલીસ પચાસ ગુલાબનાં ફુલોનાં ઝુમખાઓ જોઇ તે કીરતારનાં શુકર ગુજારવા વીનાં રેહેવાઈ શકાતું નથી. આગસ્ત તથા સપતેમબર મહીનામાં આજુબાજુની ટેકડીઓ પર એટલીતો હરીઆલી પંથરાયલી હોય છે જે ઉપરથી નીચે જાણે ખુદરતે લીલા રંગનો મખમલનો ગાલીચો બીછાવ્યો હોય એવો સુંદર દેખાવ નજરે પડેછે.

સમાપ્ત.

# માહાબલેશવરના બંગલાઓ.

| નંબર | બંગલાના નામ. |ધણીના નામો. | ભાડાં. મહીનાનું | ભાડાં. મોસમનું | |
|---|---|---|---|---|---|
| | | | રૂપયા | રૂપયા | |
| ૧ | ઍલા વીસતા........ | સરકારી ........................ | ... | ... | ગવરનર સાહેબ |
| ૨ | ધી તેરેસીસ ... ... | સરકારી ........................ | ... | ... | [નું મથક. |
| ૩ | એલફીનસતન કાટેજ | મી૦ પીરોજશા ગાંધી............ | ૧૫૦ | ૭૦૦ | |
| ૪ | ઈગલસ નેસટ ...... | મીસીસ મેકેનજી ........... ... | ૧૫૦ | ૯૦૦ | |
| ૫ | સીડની હાઉસ ... | મી૦ અમદભાઈ હબીબભાઈ ... | ૧૫૦ | ૭૦૦ | |
| ૬ | માનચેસતર .. ... | મી૦ ચોરક સમીઠ................ | ... | ... | ધણીના વપરા |
| ૭ | બરડસ નેસત ... | મી૦ એદલજી દીનશા ........ | ૧૨૦ | ૩૫૦ | સમાં. |
| ૮ | કલીફટંન લાડજ .. | ચીફ આફ મુધોલ.............. | ... | ... | „ |
| ૯ | કલીફટંન કોટેજ ... | મી૦ મનચેરજી રૂસતમજી......... | ૧૫૦ | ૫૦૦ | |
| ૧૦ | ગસેનગેરો ... ...... | મી૦ જે. મેકડોનલડ ............ | ... | ... | „ |
| ૧૧ | ધી મોનેસતરી ...... | | ૧૫૦ | ૬૦૦ | |
| ૧૨ | વુડ લેનડ ........ | મી૦ હેરાબજી પેસતનજી.......... | ૧૫૦ | ૮૦૦ | |
| ૧૩ | રોકડેલ ........... | મી૦ કરો........................ | ૨૦૦ | ૮૦૦ | |
| ૧૪ | પારક હોલ ......... | મીસીસ મેકેનજી ............... | ૧૫૦ | ૬૫૦ | |
| ૧૫ | રેસત વુડસ ...... | „ | ૨૦૦ | ૧૦૦૦ | |
| ૧૬ | ધી ફરની ... ...... | મીસ કેલી ..................... | ૧૦૦ | ૪૦૦ | |
| ૧૭ | વુડ લોન ......... | મી૦ કરો....................... | ૨૦૦ | ૧૦૦૦ | |
| ૧૮ | ધી કરેગ............ | કોલાપુરના રાજા ............... | ... | ... | „ |
| ૧૯ | હીલ સતોન........ | મી૦ ધનજીશા જમશેદજી ..... | ૧૫૦ | ૬૦૦ | |
| ૨૦ | | | | | |
| ૨૧ | ધી બરાઅરસ ...... | ભોરના પંતસચીવ.............. | ... | ... | „ |
| ૨૨ | એલફીનસતન હાલ. | રામપરતાબ હરીબીલાસ......... | ૨૦૦ | ૧૦૦૦ | |
| ૨૩ | ગલેન હાવરડ ..... | મીસીસ હાવરડ ............... | ૧૫૦ | ૬૦૦ | |
| ૨૪ | અાથરંન રૂફ ..... | મી૦ ફરામજી ન૦ પટેલ ...... | ૧૫૦ | ૪૦૦ | |
| ૨૫ | બંગલો નંબર ૧ ... | સરકારી ........................ | ૧૫૦ | ૫૫૦ | મહાબલશાવર |
| ૨૬ | ગોવાલાયર લૅાડજ ... | હાજી આદમ સલેમાન ......... | ૧૫૦ | ૭૦૦ | નાં સુપરી |
| ૨૭ | આઈવેનહો .......... | ગ્વાલકરીશના સાથના......... | ૨૦૦ | ૧૦૦૦ | નતેનડંટ. |
| ૨૮ | પેલી વીયુ........... | હાજી આદમ સલેમાન ........ | ૧૫૦ | ૭૦૦ | |
| ૨૯ | કલીફટન હાઉસ ... | મીસ વીલસન .................. | ૨૦૦ | ૮૦૦ | |
| ૩૦ | ચીલી કોટેજ ...... | મી૦ જે. મુર .................. | ૧૫૦ | ૭૦૦ | [પરાસમં. |
| ૩૧ | ગરીન હીલ......... | અમેરીકન મીશન............... | ... | ... | મીશનના ૧૫ |

| નંબર | બંગલાના નામ. | ધણીના નામ. | ભાડાં. | | |
|---|---|---|---|---|---|
| | | | ઓછામાં ઓછું | વધારેમાં વધારે | |
| | | | રૂપયા | રૂપયા | |
| ૩૨ | નંબર ૪) ........ | સરકારી બંગલો .............. | ૧૨૦ | ૩૭૫ | |
| ૩૩ | નંબર ૩) ........ | સરકારી બંગલો .............. | ૧૨૦ | ૩૭૫ | |
| ૩૪ | નંબર ૨; ........ | સરકારી બંગલો .............. | ... | ... | પાદરીના ૧ |
| ૩૫ | સા. વીયુ ... ...... | એમ. રતનજી ................ | ૨૦૦ | ૮૦૦ | [પરાસમાં. |
| ૩૬ | બેલમોનટ હાઉસ ... | આબા આરજ................ | ૨૦૦ | ૮૦૦ | |
| ૩૭ | ગર્ડન મોર ......... | મુરારજી ગોકલદાસ ............ | ... | ૪૦૦ | |
| ૩૮ | સપરીંગ કાટેજ...... | મુરારજી ગોકલદાસ ............ | ૧૫૦ | ૫૦૦ | |
| ૩૯ | સની સાઈડ......... | રાઉ સાહેબ વી. મંડલીક ...... | ૧૫૦ | ૫૦૦ | |
| ૪૦ | રાવી કોટેજ......... | મી. મનચેરજી હોરાબજી ઈજનેર. | ૧૨૦ | ૪૦૦ | |
| ૪૧ | રોઝ કોટેજ......... | ......... | ૧૨૦ | ૩૫૦ | |
| ૪૨ | મલબેરી કોટેજ ... | ......... | ૧૨૦ | ૪૦૦ | |
| ૪૩ | રીપંન હોટેલ ...... | મી. ખરશેદજી દાદાભાઈ ...... | ... | ... | |
| ૪૪ | સટોન હાઉસ ...... | મી. કુવરજી કાવસજી........... | ૧૫૦ | ૭૦૦ | |
| ૪૫ | પોસ્ટ આફીસ...... | સરકારી. | ... | ... | |
| ૪૬ | સપરીનટેંડંટ બંગલો. | ......... | ... | ... | |
| ૪૭ | ધી કલબ ......... | કલબ કમીટી ........ ........ | ... | ... | |
| ૪૮ | નોનાપૂરેલ વુ ...... | મી. મનચેરજી હો. ઈજનેર...... | ૧૫૦ | ૭૫૦ | |
| A૪૮ | મીનીએચર વીલા.. | મી. મનચેરજી હોરાબજી ઈજનેર. | ૧૨૦ | ૫૦૦ | |
| ૪૯ | કરેગ હોલ ......... | મી. શાપુરજી એદલજી ચીનાઈ... | ૨૦૦ | ૧૦૦૦ | |
| ૫૦ | સેંટ જેમસ કોટેજ. | મી. દા. હો. દુબાસ............ | ૩૫૦ | ૧૨૦૦ | |
| ૫૧ | ધી દુકાંન ......... | મી. ઓર ..................... | ... | ... | ત્રીચર કંપની |
| ૫૨ | ઓર્કેટેગાન અને રોજારી ......... | મી. દા. હો. દુબાસ............ | ૩૫૦ | ૧૨૦૦ | [ની દુકાન. |
| ૫૩ | વીકટોરીઆ લાડજ. | મી. ધનજીશા જમશેદજી ...... | ૧૫૦ | ૭૦૦ | |
| ૫૪ | કાઠલીન વીલા .. | શેખ હુસેન.. .................. | ૧૫૦ | ૭૦૦ | |
| A૫૪ | હેન એંડ ચીકંન ... | ,, .................. | ૧૫૦ | ૫૦૦ | |
| ૫૫ | ધી સરઍરી ......... | મી. મોરારજી ગોકલદાસ ...... | ૧૫૦ | ૭૦૦ | |
| ૫૬ | લેક વીયુ........... | મી. કુવરજી અરદેસર ........ | ... | ... | |
| ૫૭ | ચારલોટ વીલા..... | મી. કુવરજી અરદેસર ........ | ૧૫૦ | ૭૦૦ | |
| ૫૮ | માહાબલેશવર લોડજ | મી. પી. માઍટ ............... | ૧૫૦ | ૭૦૦ | |
| ૫૯ | એકોરન વીલા...... | મી. દોસાભાઈ ન. વહાડયા ... | ૨૦૦ | ૧૦૦૦ | |
| ૬૦ | ધી પારસનેજ ...... | મી. દા. હો. દુબાસ............ | ૪૦૦ | ૧૫૦૦ | |
| ૬૧ | ગરેસ કોટેજ ...... | અમેરીકંન મીશન ........... | ... | ... | મીશનનાં ૧૫ |
| ૬૨ | હોપ કોટેજ......... | મી. એટકીનશાન ... .......... | ૨૦૦ | ૬૦૦ | [રાસમાં |

| નંબર | બંગલાના નામ. | ધણીના નામ. | ભાડાં. | | |
|---|---|---|---|---|---|
| | | | ઓછામાં ઓછું | વધુમાં વધુ | |
| | | | રૂપયા | રૂપયા | |
| ૬૩ | પરોસપેકટ કોટેજ... | મી. એટકીનસન .............. | ૧૦૦ | ૩૫૦ | |
| ૬૪ | એસપેકટ કોટેજ ... | મીસીસ મલરોની.............. | ૨૦૦ | ૮૦૦ | |
| ૬૫ | ચેના લાડજ......... | દવારકાદાસ વસનજી.......... | ૧૫૦ | ૬૦૦ | |
| ૬૬ | એસકેડેલ કોટેજ ... | મી. જાફુર સલેમાન ........... | ૧૦૦ | ૩૫૦ | [હોટેલ. |
| ૬૭ | લેનગોમ હાઉસ ... | હીઝ હાઈનેસ આગા ખાન ... | ... | ... | પારસી કલબ |
| A૬૭ | લેનગામ લાડજ...... | ,, ,, | ... | ... | ધણીના વપરા |
| ૬૮ | ધી બાવર ........ | રામપરતાબ હરીબીલાસ......... | ૧૫૦ | ૩૫૦ | [સમાં. |
| ૬૯ | ધી ગરોવ ......... | ,, ......... | ૧૫૦ | ૬૫૦ | |
| ૭૦ | હીલ વીયુ ......... | મી. કુવરજી અરદેશર ......... | ૨૦૦ | ૧૦૦૦ | |
| ૭૧ | મીશાંન હાઉસ...... | મી. માએત....................... | ૧૫૦ | ૭૦૦ | |
| ૭૨ | ધી ઓકસ ......... | કરનલ ઉડહાઉસ.............. | ૨૦૦ | ૮૦૦ | |
| ૭૩ | માલકંમ કોટેજ ... | કરનલ ઉડહાઉસ.............. | ૧૫૦ | ૫૦૦ | |
| ૭૪ | ફોર ઓકસ ....... | સર જ. જી. બારોનેટ ........ | ૨૦૦ | ૭૦૦ | |
| ૭૫ | સીનડોલા પારક ... | મીરજનાં ચીફ ............... | ... | ... | ,, |
| ૭૬ | ઈસટ એનડ ...... | સરજન મેજર ઓકરની ...... | ... | ... | ,, |
| ૭૭ | | | | | |
| ૭૮ | ફલોરેનસ હોલ ... | આગા ખાંન .................... | ... | ... | ,, |
| ૭૯ | મલુ વેલી હાલ...... | મી. કમરૂદીન તઈએબજી ...... | ... | ૧૫૦૦ | |
| ૮૦ | પેરેદાઈસ લોડજ ... | મી. હોરાબજી પેસતનજી ...... | ૧૫૦ | ૪૦૦ | |
| ૮૧ | લીશાન લાડજ ...... | મી. દાદાભાઈ હોરમસજી દુબાસ. | ૧૫૦ | ૭૦૦ | |
| ૮૨ | માઉંટ માલકમ...... | સર એ. સાસુન ............... | ૨૫૦ | ૧૨૦૦ | |
| ૮૩ | માબલેશાવર કોટેજ... | મી. પી. માએટ ............... | ... | ... | |
| ૮૪ | ટેમપલ હોલ......... | મી. દાદાભાઈ હોરમસજી દુબાસ. | ૪૦૦ | ૧૬૦૦ | |
| ૮૫ | ફાઉનટંન હોલ...... | સર દીનશા માણેકજી પીટીટ ... | ... | [illegible] | ,, |
| ૮૬ | રેડ કાશટલ......... | મી. શંકર પાંડુરંગ પંડીત ..... | ૨૦૦ | ૧૦૦૦ | |
| ૮૭ | ફાઉનટંન હોટેલ... | મી. કુવરજી કાવસજી........... | ... | ... | |
| ૮૮ | ધી. વીલાસ......... | મી. એસ. કુક................... | ૧૫૦ | ૭૦૦ | |
| ૮૯ | ગલેન ઓગલ ...... | મી. ઈ. ડી. સાસુન ............ | ૨૦૦ | ૧૦૦૦ | |
| ૯૦ | ઓહીમીઆ ......... | મી, એસ. ડી. સાસુન ......... | ૨૦૦ | ૧૦૦૦ | |
| ૯૧ | નેલસંનસ લોડજ... | મી. સી. કોરનફોરડ ........... | ૧૦૦ | ૭૦૦ | |
| ૯૨ | પીકટોરીઆ કો[illegible].. | મી. બાલાજી પાડુરંગ........... | ૧૫૦ | ૫૦૦ | |
| ૯૩ | માઉંટ ડગલસ ....... | સર એ. સાસુન .............. | ૨૫૦ | ૧૦૦૦ | |
| ૯૪ | એલા વુ ........... | મી. અરદેસર હોરમારજી વાડીયા. | ... | ... | ,, |
| [illegible] | તઈએબજી લોડજ... | મી. બી. તઈએબજી............. | ... | ૮૦૦ | |

| નબર | બંગલાના નામ. | ધણીના નામ. | ભાડાં. | | |
|---|---|---|---|---|---|
| | | | વડી મોસમનું | નાની મોસમનું | |
| | | | રૂપીય | રૂપીય | |
| ૯૬ | અપના કાટેજ...... | મી. કુવરજી અરદેસર ......... | ૧૫૦ | ૬૦૦ | |
| ૯૭ | ફ્રી હોસપીટલ ...... | સરકારી ........................ | ... | ... | સરકારી આસ[પી.લ. |
| ૯૮ | એનજીનીઅર ઈસ્ટોર | સરકારી ........................ | ... | ... | |
| ૯૯ | યુનીયન હાઉસ...... | મી. કુવરજી કાવસજી ......... | ... | ... | |
| | ચાડીઆ વીલા ...... | મી. રૂસતમજી ફ્રામજી ચાડયા.. | ... | ૩૦૦ | ટેલીગરાફ આ[ફીસ. |
| | વાલટેડ રૂફ ......... | મી. કાવસજી સોરાબજી ઈજનેર. | ... | ૩૦૦ | |
| | ફીરોજ કોટેજ ...... | મી. પીરોશા ..................... | ... | ૩૦૦ | |
| | મરફી કાટેજ......... | મી. કાશમ સાજન ............. | ... | ... | |
| | રે વીલા ............ | ,, | ... | ... | |
| | રેસ [illegible]ીયુ.......... | ,, | ... | ... | |

## માહાબલેશવરના હાઉસ એજંટો.

૧. મીં૦ ફ્રાંક ઓર.

૨. મીં૦ પી. માએટ.

૩. મીં૦ કુવરજી કાવસજી.